Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023 posted at rajkot-RMS published & posting dt.-daily (evening)

Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year: 6, Issue:231 Dt.12-07-2021 (Monday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

# ભકતોના મહેરામણ વિના ભગવાન જગન્નાથજીનું કૃપાદાન

## અમદાવાદમાં લોખંડી પોલીસ બંદોબસ્ત અને કર્ફયુ વચ્ચે શાંતીથી પુર્ણ થતી ૧૪૪મી રથયાત્રા









### ભાવનગર, ગાંધીનગર, રાજકોટ સહિતના સંખ્યાબંધ શહેરોમાં અષાઢી બીજની પરંપરાગત યાત્રાઓ યોજાઇ : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વહેલી સવારે મંગળા આરતી કરી, સોનાના સાવરણાથી મુખ્યમંત્રીએ રથયાત્રા માર્ગની સફાઇ કરી

### સતત પાંચમી વખત પહીંદ વિધિનું સૌભાગ્ય પ્રાપ્ત કરતા વિજય રૂપાણી, નીતિન પટેલ અને પ્રદિપસિંહ જાડેજા પણ જોડાયા : રથયાત્રાને પ્રસ્થાપન કરાવી દેશ અને ગુજરાતને કોરોનાથી મુકત કરવાની પ્રાર્થના કરતા મુખ્યમંત્રી

**(એજન્સી સમાચાર)**

અમદાવાદ, તા.૧૨

જીવ માત્રના કલ્યાણ માટે આજે અષાઢી બીજના પાવન અવસર પર પરંપરા સાથે પરંતુ ભકતોના મહેરામણ વિના અમદાવાદ ખાતે ભગવાન જગન્નાથજીની ૧૪૪મી રથયાત્રા નિકળી હતી. સમગ્ર યાત્રા રૂટ પર કર્ફયુ અને પોલીસના લોખંડી બંદોબસ્ત વચ્ચે જગન્નાથજીએ નગર ચર્યા કરી હતી અને ભકત ગણો પર કૃપાદાન વરસાવ્યું હતું. વહેલી સવારે અમદાવાદ સહિતના ઘણા શહેરોમાં અષાઢી બીજના પર્વ પર પરંપરાગત રથયાત્રાઓ કાઢવામાં આવી હતી. રાજકોટ, ભાવનગર, ગાંધીનગર વગેરે શહેરોમાં ભકતોએ દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. અમદાવાદમાં વહેલી સવારે ૪ વાગ્યે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મંગળા આરતી કરી હતી. ત્યારબાદ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સોનાની સાવરણીથી રથયાત્રાના માર્ગની સાફસુફી કરી હતી અને સતત પાંચમી વખત પહીંદ વિધિનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યુ હતું તેમ આ સમયે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજા પણ સાથે રહયા હતા. મુખ્યમંત્રીએ રથયાત્રાનું પ્રસ્થાન કરાવવા સાથે દેશ અને ગુજરાત કોરોના મહામારીથી જલ્દી મુકત થાય તેવી પ્રાર્થના પણ કરી હતી.

નુતન વર્ષે કચ્છી સમાજના સહુ ભાઇઓ-બહેનોને પણ મુખ્યમંત્રીએ નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કચ્છમાં આજના દિવસને નવા વર્ષ તરીકે ઉજવવામાં આવે છે.

મુખ્યમંત્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, કોરોના વાઇરસના સંક્રમણને કારણે રથયાત્રા કોવિડ પ્રોટોકોલ મુજબ યોજવામાં આવી છે. મેં જગન્નાથજીના દર્શન કર્યા છે અને આપણું રાજય તથા આપણો દેશ કોરોના મુકત બને તથા રાજયમાં સ્થિતિ પૂર્વવત બને તેવી ભગવાનને પ્રાર્થના કરી છે. કચ્છી સમાજને ખાસ શુભેચ્છા સંદેશો આપતા તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દુરંદેશી વિચારને પગલે કચ્છ જિલ્લાને નર્મદાનું પાણી એક

(અનુ.પાના નં.૪ ઉપર)

# ગુજરાતમાં આર્થિક ઝોનમાંથી નિકાસોમાં અંદાજે ૬ ટકા ઘટાડો

## કન્ટેનરની તંગી અને કોરોના પ્રોટોકોલને પગલે સર્જાતી મંદી

**(એજન્સી સમાચાર)**

અમદાવાદ, તા.૧૨

ગુજરાતમાં રચાયેલા સ્પેશીયલ ઇકોનોમીક ઝોન (સેઝ)માંથી થતી નિકાસોમાં આ વર્ષે નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. મે-૨૦૨૧ સુધીમાં નિકાસોની ટકાવારીમાં ૫.૬ ટકા જેવો ઘટાડો નોંધાયાનો સરકારી ડેટા જણાવે છે. સરકારના અહેવાલ મુજબ મે મહિનામાં ૧૮૪૪૧ કરોડની નિકાસો થઇ હતી એ સામે જૂન-૨૦૨૧માં નિકાસોનું પ્રમાણ ઘટીને રૂ.૧૭૪૦૮ કરોડ રહયું હતું. ગયા વર્ષે આ ગાળામાં ૬૦ ટકા વધુ નિકાસો થઇ હતી. રાષ્ટ્રવ્યાપી લોકડાઉન અને કોરોનાની પરિસ્થિતિને કારણે નિકાસ ક્ષેત્રને ફટકો પડયો છે અને મંદી સહન કરવી પડી છે.

નિકાસકાર ક્ષેત્રના સાહસીકોએ એવું કારણ આપ્યું છે કે, કોરોનાની બીજી લહેર ઉપરાંત કન્ટેનરની અછત પણ ઓછી નિકાસો માટે કારણભુત છે. સુરતના આર્થીક ઝોનમાંથી થતી નિકાસોમાં ૫૯ ટકા તીવ્ર ઘટાડો નોંધાયો હતો. મે મહિનામાં રૂ.૧૭૯૦.૭૩ કરોડની નિકાસો થઇ હતી તેની સામે જૂન મહિનામાં માત્ર રૂ.૭૨૬.૨૭ કરોડની નિકાસો થયાનું નોંધાયું હતું. એ જ રીતે રીલાયન્સના સેઝમાંથી પણ થતી નિકાસોમાં ૪ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

# અમદાવાદ-મુંબઇ બુલેટટ્રેન પ્રોજેકટ પૂર્ણ કરવા તલપાપડ રેલવેમંત્રી

## ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજીને કામની પ્રગતિથી વાકેફ થયા : નવા રેલવે મંત્રી અશ્વીની વૈષ્ણવે મહત્વના પ્રોજેકટ પર ધ્યાન આપ્યું

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી, તા.૧૨

મોદી કેબીનેટના નવા રેલવે મંત્રી અશ્વીની વૈષ્ણવે અમદાવાદ-મુંબઇ બુલેટ ટ્રેન પ્રોજેકટમાં રસ બતાવ્યો છે અને ચાર્જ સંભાળતાની સાથે રેલવે મંત્રીએ બુલેટ ટ્રેન સહિતના મહત્વના પ્રોજેકટ પર ધ્યાન આપવાનું શરૂ કર્યુ છે. રેલવે મંત્રીએ ઉચ્ચ અધિકારી સાથે બેઠક યોજીને બુલેટ ટ્રેન પ્રોજેકટ વિશે માહિતી મેળવી હતી અને સમગ્ર કામગીરીની સમીક્ષા કરી હતી. રેલવે મંત્રીએ ચાર્જ સંભાળ્યો ત્યારથી તેઓ બુલેટ ટ્રેન સહિતના રેલવેના ટોચના મહત્વકાંક્ષી પ્રોજેકટ સમયસર પુરા કરવાની આતુરતા બતાવી રહયા છે. અમદાવાદ મુંબઇના પ્રોજેકટ અંગે તેમણે નેશનલ હાઇસ્પીડ રેઇલ કોર્પોરેશન લીના એમડી સતીષ અગ્નીહોત્રીને બોલાવી માહિતી મેળવી હતી અને કામ કેટલુ થયું તેની વિગતો જાણી હતી.

ઉચ્ચ અધિકારીએ એવી માહિતી આપી હતી કે, બુલેટ ટ્રેન પ્રોજેકટ માટે જરૂરી ૧૩૯૬ હેકટર જમીન પૈકી ૧૦૩૫ હેકટર જમીનનું સંપાદન કરી લેવામાં આવ્યું છે. આમાંથી ૭૪ ટકા જમીન ગુજરાતમાં છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

# રાજસ્થાન-યુપીમાં આકાશી વિજળીનું તાંડવ, ૩૧થી વધુના મોત





### બિન સત્તાવાર મૃત્યુઆંક ૭૫ હોવાનું અનુમાન, સૌથી મોટી દુર્ઘટના જયપુરમાં : ઐતિહાસિક આમેરના કિલ્લામાં વોચ ટાવર પર વિજળી ત્રાટકતા સેલ્ફી લેતા ૧૧નાં મોત, ડઝનબંધ ઘાયલ

**(એજન્સી સમાચાર)**

જયપુર, તા.૧૨

છેલ્લા બે દિવસથી ધોધમાર વરસાદ વચ્ચે રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં આકાશમાંથી યમદુતના રૂપમાં ત્રાટકેલી વિજળીથી મોતનું તાંડવ રચાયું છે અને ૨૮થી વધુ લોકો વિજળી ત્રાટકવાથી મોતને સરણે થઇ ગયા છે. બન્ને રાજયોમાં મળીને ૩૫થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાનું જાહેર

## રાજસ્થાનના અનેક જિલ્લાઓમાં ૭ બાળકોને ભરખી જતી યમરૂપ વિજળી

થયું છે. આજની સૌથી મોટી કરૂણ ભયાનક દુર્ઘટના જયપુરના ઐતિહાસીક આમેડ જિલ્લામાં બની હતી જયાં વોચ ટાવર પર ચડીને સેલ્ફી લઇ રહેલા લોકો પર ભયાનક અવાજ સાથે વિજળી ત્રાટકતા ૧૧ લોકોના સ્થળ પર જ મૃત્યુ થયા હતા. જયારે અન્ય ૧૬થી વધુ લોકોને ગંભીર ઇજાઓ સાથે દવાખાને ખસેડવામાં આવ્યા હતા. જયપુરના અધિક પોલીસ કમિશનર રાહુલ પ્રકાશે વોચ ટાવર હોનારતમાં ૧૧ના મૃત્યુ દર્શાવ્યા છે જયારે પોલીસ કમિશનર આનંદ શ્રીવાસ્તવે કુલ ૧૬ મૃત્યુ થયાની પુષ્ટી કરી છે.

આમેર જિલ્લા અને આસપાસના પહાડી વિસ્તારોમાં અનેક સ્થળે વિજળી ત્રાટકી હતી જેમાં ઘવાયેલા ડઝન બંધ લોકોની હાલત ગંભીર છે. અત્યારે યુધ્ધના ધોરણે પોલીસ અને એનડીઆરએફની ટીમો ઠેરઠેર મોકલવામાં આવી છે અને રેસ્કયુ કામગીરી ચાલી રહી છે. રાજયમાં કુલ ૩૧થી વધુ મૃત્યુ થયા હોવાનું સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું છે. આમાંથી વોચ ટાવર હોનારતમાં ૧૧ અને રાજયમાં અન્યત્ર વિજળી પડવાથી ૨૦નાં મોતનો સત્તાવાર આંકડો જાહેર થયો છે. પોલીસે જણાવ્યું

(અનુ.પાના નં.૪ ઉપર)

### મૃતકોના પરીજનો માટે રૂ.૫-૫ લાખની સહાય જાહેર કરતા મુખ્યમંત્રી અશોક ગેહલોત : યુપીમાં પણ અનેક શહેરોમાં તોફાની વરસાદ સાથે આકાશમાંથી યમના રૂપમાં ત્રાટકતી વિજળી, સંખ્યાબંધ મોત




# ગુજરાતને ૧૪ વર્ષના મોદી શાસનમાં અભૂતપૂર્વ ફાયદો થયો : અમીત શાહ

## અમદાવાદ અને આસપાસ ૨૪૪ કરોડના પ્રોજેકટનો શિલાન્યાસ કરતા કેન્દ્રીય ગૃહમંત્રી



**(એજન્સી સમાચાર)**

અમદાવાદ, તા.૧૨

કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહે ગુજરાતની પ્રગતિ માટે અને અવિરત ચાલુ રહેલા વિકાસ કામો માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુજરાતના ૧૪ વર્ષના શાસનને ભરપુર યશ આપતા જણાવ્યું હતું કે, ગુજરાતને મોદીના મુખ્યમંત્રી પદના કાળ દરમ્યાન ખુબ જ ફાયદો થયો છે. હોદ્દાપરથી વિદાય લઇ લીધા બાદ પણ વિકાસ કામો ચાલુ રહે એવું માળખુ ગોઠવનારા મોદી પહેલા નેતા છે.

અમદાવાદ અને આસપાસ રૂ.૨૪૪ કરોડના વિવિધ પ્રોજેકટનું શીલાન્યાસ કરતા ગૃહમંત્રીએ વડાપ્રધાનની જોરદાર પ્રસંસા કરી હતી. વડાપ્રધાને ગુજરાતમાં શરૂ કરેલા વિકાસ કામોને વધાવી લેતા ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, ઘણા નેતાઓ એવા હોય છે કે, કામને તેની નિયત ગતિ મુજબ ચાલવા દે છે અને બાદમાં રીબન કાપવા પહોંચી જાય છે. ઘણા એવા નેતાઓને પણ જોયા છે જે પર્દા પરથી ચાલ્યા ગયા બાદ પણ વિકાસ કામો ચાલુ રહે

(અનુ.પાના નં.૪ ઉપર)

# લખનૌમાં યુપી એટીએસએ કાકોરીમાં ઘરને ઘેરી લીધું

## અલ કાયદા સાથે સંકળાયેલા બે આતંકવાદીઓ પકડાયા



**(એજન્સી સમાચાર)**

લખનૌ તા. ૧૨


ઉત્તર પ્રદેશની રાજધાની લખનવમાં માનવ બોમ્બ તૈયાર કરી દેશમાં આતંક મચાવવાના ત્રાસવાદી કાવતરાનો પર્દાફાશ કરવામાં યુપી એટીએસને સફળતા મળી છે. પોલીસે ગેરકાયદાના બે ત્રાસવાદીઓને ઝડપી લઇ બોમ્બ બનાવવાની સામગ્રી પણ કબ્જે લેવામાં આવી હતી.

તેમની યોજના ત્રણ દિવસમાં લખનઉમાં બોમ્બ બ્લાસ્ટમાં અન્ય ભાજપ નેતાઓ સાથે સાંસદને ઉડાડી દેવાની હતી. તેમની પાસે વિસ્ફોટકોનો મોટો જથ્થો મળી આવ્યો હતો. એટીએસએ આ મકાનમાંથી બે પ્રેશર કૂકર બોમ્બ અને અર્ધ-બનાવટી ટાઇમ બોમ્બ મેળવ્યા છે. બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ બોમ્બને નિષ્ફળ બનાવવા સ્થળ પર પહોંચી ગઈ છે. ઉત્તર પ્રદેશ એટીએસની ત્રણ ટીમોએ લખનૌના કાકોરીમાં રીંગરોડ પર બનાવેલા આ મકાનને ઘેરી લીધું હતું. એટીએસ ટીમને આ મકાનમાં આતંકીઓની હાજરી વિશે માહિતી મળી હતી. એટીએસએ ઘરની નજીકનો વિસ્તાર ખાલી કરી દીધો છે. ટીમના કેટલાક સભ્યો તેમના દરોડા અભિયાનમાં રોકાયેલા છે. આ કામગીરીમાં એટીએસના ડઝનથી વધુ કમાન્ડો સક્રિય થયા છે.

મકાનમાં છુપાયેલા શંકાસ્પદ લોકોની ધરપકડ પર ઉત્તર પ્રદેશ એટીએસની ટીમે દરોડો આવી છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

# આજે ઓમ બગડાઈનો જન્મદિવસ



ગુજરાત મિરરનાં ફોટો ગ્રાફર રાજુ બગડાઈનાં પુત્ર ઓમ બગડાઈનો આજે જન્મદિવસ છે. તેમની જીવન યાત્રાનાં ૯ વર્ષ પૂર્ણ થયા અને ૧૦ માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. તેમના જીવનમાં ખૂબ પ્રગતિ કરીને જીવનમાં આગળ વધે તેવા આશિર્વાદ સાથે સગા-સંબંધી, પરિવાર, મિત્રવર્તુળ જન્મદિવસની શુભેચ્છા પાઠવી રહ્યા છે. ત્યારે સૌરાષ્ટ્ર ક્રાંતી પરિવાર તરફથી ઓમ બગડાઈને જન્મદિવસની ખૂબ-ખૂબ શુભકામનાઓ...

# આજે પુનાભાઈ મૈયડનો જન્મદિવસ



પ્રગતિ પ્રેસ એન્ડ પ્રિન્ટીંગ અને શ્રી ગુરુ ટાઈન્સ ન્યુઝનાં મુદ્રક પુનાભાઈ મૈયડનો આજે જન્મદિવસ છે. તેમના સગા-સંબંધી અને મિત્રવર્તુળ જન્મદિવસની શુભેચ્છા પાઠવી રહ્યા છે. ત્યારે સૌરાષ્ટ્ર ક્રાંતી પરિવાર તરફથી પુનાભાઈ મૈયડને જન્મદિવસની ખૂબ-ખૂબ શુભકામનાઓ...

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com

web: www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




## આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE TO OUR CHANNEL

SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant

SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

## પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

**જાહેરાત માટે સંપર્ક કરો:**

**90333 44426**




## આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

# વોર્ડનં. 15

**કોર્પોરેટરોઃ**
કોમલબેન ભારાઈ
ભાનુબેન સોરાણી
વશરામભાઈ સાગઠિયા
મકબુલભાઈ



મો.૯૮૨૪૨ ૦૭૯૩૬ | મો.૮૫૧૧૩ ૩૭૫૮૭ | મો.૯૮૨૫૧ ૬૫૧૯૧ | મો. ૯૦૮૨૬ ૫૫૫૫૫





# ચોમાસામાં એટલા પાણી ભરાય છે કે જાણે નદી વહેતી હોય

## પાવી માટે પૂરતા પ્રમાણમાં પાણી મળતું નથી અને ટીપરવાનનો પણ મોટો પ્રશ્ન





**રજૂઆત અનેક કરવા છતાં પ્રશ્નોનું કોઇ નિરાકરણ જ નહીં**

અહેવાલઃ (પરાગ જાટીયા)
(તસવીરઃ પંકજ ડાભી)



ઈશ્વરભાઈએ જણાવ્યું હતું કે, અમારા વિસ્તારમાં ચોમાસામાં ખુબ જ પ્રમાણમાં પાણી ભરાય જાય છે. જેના કારણે લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેમજ પીવાનું પાણી પૂરતા પ્રમાણમાં મળતું નથી. આથી અમારી વિનંતી છે કે અમારી સમસ્યાઓનો યોગ્ય નિકાલ કરો.



રામદેવસિંહએ જણાવ્યું હતું કે, વિસ્તારમાં પાણી ખુબ જ ખરાબ આવે છે. પીવા માટે પૂરતા પ્રમાણમાં પાણી મળતું નથી. કેટલીકવાર રજૂઆત કરી હોવા છતાં તેનો કોઈ યોગ્ય નિરાકરણ આવતો નથી. વિનંતી છે કે અમારી સમસ્યાઓનો યોગ્ય નિકાલ કરો.



નરેશભાઈએ જણાવ્યું હતું કે, અમારા વોર્ડમાં ઘણાખરા પ્રશ્નો છે જેમ કે ટિપરવાન સમયસર ન આવવી, ગંદકી, ભુર્ગભ ગટર, રોડ-રસ્તા અને ખરાબ પાણી આવી સમસ્યાઓ છે. તેની કેટકેટલી રજૂઆત કરી હોવા છતાં કોઈ યોગ્ય નિકાલ આવતો નથી.



પરેશભાઈએ જણાવ્યું હતું, વિસ્તારમાં કચરાનો મોટો પ્રશ્ન છે. તેમજ કોઈ પ્રકારની સફાઈ અહીંયા થતી નથી. કેટલીવાર ફરિયાદ કરી હોવા છતાં અમારી સમસ્યાઓ પર કોઈ ધ્યાન પણ આપતું નથી. અમારી સમસ્યાઓનો યોગ્ય નિકાલ કરો.



રમેશભાઈએ જણાવ્યું હતું કે, ચોમાસામાં એટલા પાણી ભરાય છે કે જાણે નદી વહેતી હોય. પાણી ભરાઈ જવાને કારણે લોકોને ઘણીખરી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. રજૂઆત કરી હોવા છતાં કોઈ પ્રકારનું ધ્યાન આપવામાં આવતું નથી.



સંદીપભાઈએ જણાવ્યું હતું કે, વિસ્તારમાં ટિપરવાનનો કોઈ ચોક્કસ સમય હોતો જ નથી. તેને સમયસર આવવાનું જણાવતા કોઈ સરખો જવાબ મળતો નથી. આ બાબતની ફરિયાદ કરી હોવા છતાં કોઈ યોગ્ય નિરાકરણ આવતું નથી.


## 'સૌરાષ્ટ્ર ક્રાંતી'ની અનોખી પહેલ

"મારૂ રાજકોટ, સ્માર્ટ રાજકોટ" ઝુંબેશમાં સહભાગી થાઓ

**વોર્ડમાં સમસ્યા છે તો ફોન કરો...**

# 2450077

વોર્ડની સમસ્યા નિવારવા ઓનલાઈન ફરિયાદ કરવી જરૂરી

http://www.rmc.gov.in/rmcwebsite/complainregistration.aspx

જો ફરિયાદ કરવા છતાં તંત્ર દ્વારા પ્રશ્નોનો ઉકેલ નથી આવતો તો ફોટા સાથે વિગત વોટ્સએપ કરો

# 99784 17603

અમે તમારી ફરિયાદ તંત્ર સુધી પહોંચાડવા મદદ કરીશું


# વોર્ડનં. 16

**કોર્પોરેટરોઃ**
કંચનબેન સિધ્ધપુરા
રૂચિતાબેન જોશી
સુરેશભાઈ વસોયા
નરેન્દ્રભાઈ ડવ



મો.૯૯૨૪૮ ૪૪૮૪૩ | મો.૯૫૮૬૭ ૮૧૮૮૧ | મો.૯૮૨૫૩ ૨૫૮૨૫ | મો. ૯૮૨૪૨ ૪૨૧૬૧

# અમને લોકોને જંગલ જેવું લાગે છે,જરા પણ આવું લાગતું નથી કે અમે સ્માર્ટ સિટીમાં રહીએ છીએ





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૨

ચૂંટણી ગયાને હજુ થોડો જ સમય થયો છે. ચૂંટાયેલા પ્રતિનિધિનાં વચનો અને વાયદાઓ હજુ તાજા છે. છતાં વોર્ડની સમસ્યા બાબતે ચૂંટાયેલા નેતા ઉદાસીન હોવાનો વસવસો નગરજનો કરી રહ્યા છે. ગત વર્ષની જેમ આ સાલ પણ વરસાદનું પ્રમાણ ભારે રહે તો તુટેલા-ફૂટેલા રસ્તા વધુ બેહાલ થઇ જશે. એવો સૂર મોટાભાગનાં વોર્ડવાસીઓએ વ્યક્ત કર્યો હતો.

સૌરાષ્ટ્ર ક્રાંતીની ટીમ દ્વારા મહાનગર પાલિકાના વોર્ડનં.૧૫ અને ૧૬ માં જઇ લોકોના પ્રશ્નોને વાંચા આપવા પ્રયાસો કર્યા હતા. વોર્ડમાં જ રોડ-રસ્તા, પાણી, ભુર્ગભ સહિતના પ્રશ્નોને લઇને ફરી વખત જનતાના પ્રશ્નોને સાંભળ્યા હતા. અલગ અલગ વિસ્તારના લોકોએ પોતાની સમસ્યાઓ અંગે જણાવ્યું હતું. વોર્ડવાસીઓએ પોતાના વિસ્તારમાં કોર્પોરેટરો દેખાતા જ નથી! પાણી, ડ્રેનેજ અને ગંદકીનાં પ્રશ્નો યથાવત જ છે. વોર્ડવાસીઓએ પોતાની સમસ્યા વિશે જણાવ્યું હતું કે,સ્થાનિક લોકાને અનેક પ્રકારની મુશ્કેલીઓનો સમાનો કરવો પડે છે. જેમ કે, પાણી સમયસર ન આવવું, સાફ-સફાઈ સરખી ન થવી, પાણી ખુબ ખરાબ આવવું વગેરે જેવા પ્રશ્નોને કારણે લોકોને અનેક પ્રકારની સમસ્યાઓનો સમાનો કરવો પડે છે. ઘણીવાર રજૂઆત કરી હોવા છતાં કોઈ ચોક્કસ પણે નિરાકરણ આવતું નથી.ખાલી પડેલા પ્લોટમાં ખુબ જ પ્રમાણમાં ગંદકી થાય છે. જેના કારણે જીવજંતુ ખુબ થાય છે. અમને લોકોને જંગલ જેવું લાગે છે,જરા પણ આવું લાગતું નથી કે અમે સ્માર્ટ સીટીમાં રહીએ છીએ. અનેકવાર રજૂઆત કરી હોવા છતાં કોઈ પણ પ્રકારનું ધ્યાન અપાતું નથી. રોગચાળો ફેલાય છે અને પાણી પણ ખરાબ આવે છે. ફરિયાદ કરી પણ કોઈ યોગ્ય રીતે નિરાકરણ આવતું નથી.

ચૂંટાયેલા કોર્પોરેટરોએ હંમેશા પ્રજાની વચ્ચે રહે તેવા પ્રયત્નો કરવા જોઈએ. પણ હાલની પરિસ્થિતિમાં લોકોમાં એવું ચર્ચાઈ રહ્યું છે કે અમુક કોર્પોરેટરો ચૂંટણી પૂરી થઇ ગયા બાદ દેખાતા નથી અથવા તો ફોન પણ ઉપાડતા નથી. એવી પણ લોકોમાં જોરશોરથી ચર્ચાઓ થઇ રહી છે. ચૂંટાયેલા કોંપોરેટરોએ રોડ-રસ્તા, પાણી સહિતના પ્રશ્નોનો ઉકેલ માટે પ્રયાસ કરવો જોઇએ તેવું લોકો કહી રહયા છે. કોર્પોરેટરોને આ પ્રશ્ન કેમ નથી દેખાતા? તેવું વોર્ડનાં લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. પાણીનો પણ મોટો પ્રશ્ન છે. ગંદુ પાણી આવે છે. ગમે ત્યાં જાવ ત્યાં કચરાનાં ઢગલા, તુટેલા રસ્તા તો દેખાઈ જ જાય છે.



નૈમિષભાઈએ જણાવ્યું હતું કે, સ્થાનિક લોકોને અનેક પ્રકારની મુશ્કેલીઓનો સમાનો કરવો પડે છે. જેમ કે, પાણી સમયસર ન આવવું, સાફ-સફાઈ સરખી ન થવી, પાણી ખુબ ખરાબ આવવું વગેરે જેવા પ્રશ્નોને કારણે લોકોને અનેક પ્રકારની સમસ્યાઓનો સમાનો કરવો પડે છે. ઘણીવાર રજૂઆત કરી હોવા છતાં કોઈ ચોક્કસ પણે નિરાકરણ આવતું નથી.



અસ્મિતાબેનએ જણાવ્યું હતું કે, ગંદકીનો મોટો પ્રશ્ન છે. સફાઈ સરખી થતી નથી. તેમજ આવારા તત્વોનો પણ ત્રાસ છે. વિસ્તારમાં ચોરી પણ ખુબ થાય છે. કોઈ યોગ્ય રીતે ધ્યાન આપતું નથી. પાણી ખૂબ જ ખરાબ આવે છે.



રમાબેનએ જણાવ્યું હતું કે, ચોમાસામાં ખુબ જ પાણી ભરાય જાય છે. તેમજ ગંદકી પણ ખુબ જ થાય છે જેના કારણે રોગચારો ફેલાય છે બાળકોના સ્વાસ્થ્ય બગડે છે. કેટલીવાર ફરિયાદ કરી હોવા છતાં કોઈ યોગ્ય રીતે નિરાકરણ આવતું નથી.



મધુબેનએ જણાવ્યું હતું કે, વિસ્તારમાં પડેલા ખાલી પડેલા પ્લોટમાં ગંદકી થાય છે તેમજ જીવ-જંતુ થાય છે. ગંદકી સફાઈ કરવા માટે કોઈ આવતું નથી. રોગચાળો ફેલાય છે અને પાણી પણ ખરાબ આવે છે. ફરિયાદ કરી પણ કોઈ યોગ્ય રીતે નિરાકરણ આવતું નથી.



ધ્યાબેનએ જણાવ્યું હતું કે, વિસ્તારના કોમન પ્લોટમાં ગંદકી અને સફાઈનો મોટો પ્રશ્ન છે. તેમજ પ્લોટમાં રાત્રિના સમયે આવારા તત્વોનો ખુબ ત્રાસ છે. જેના કારણે મહિલાઓને ઘરની બહાર નીકળવામાં ઘણી મુશ્કેલીઓ પડે છે.



પ્રભાબેનએ જણાવ્યું હતું, અમારા વિસ્તારમાં ગંદકીનો મોટો પ્રશ્ન છે. સફા-સફાઈ સરખી થતી જ નથી. પાણી સમયસર ન આવવું તેમજ ખરાબ પણ આવવું. ફરિયાદ કરી પણ કોઈ યોગ્ય રીતે નિરાકરણ આવતું નથી.



પ્રભાબેનએ જણાવ્યું હતું કે, વિસ્તારમાં ગંદકીનો ખુબ મોટો પ્રશ્ન છે. સફાઈ કરવા માટે કોઈ સમયસર આવતું નથી. તેમજ પાણી ખુબ જ ખરાબ આવે છે.ફરિયાદ કરી પણ કોઈ યોગ્ય રીતે નિરાકરણ આવતું નથી.



હાર્દિકભાઈએ જણાવ્યું હતું, ખાલી પડેલા પ્લોટમાં ખુબ જ પ્રમાણમાં ગંદકી થાય છે. જેના કારણે જીવજંતુ ખુબ થાય છે. અમને લોકોને જંગલ જેવું લાગે છે,જરા પણ આવું લાગતું નથી કે અમે સ્માર્ટ સીટીમાં રહીએ છીએ. અનેકવાર રજૂઆત કરી હોવા છતાં કોઈ પણ પ્રકારનું ધ્યાન અપાતું નથી.

સૌરાષ્ટ્ર ક્રાંતી



## તંત્રી સ્થાનેથી...

### ઓનલાઇન ભણતરમાં વિદ્યાર્થીઓનું ભવિષ્ય કેવું.....?

તાજેતરમાં એક અનુભવી શિક્ષિત વૃધ્ધજને એક વાત કરી કે કોઈ પણ દેશને યુધ્ધ કર્યા સિવાય ખતમ કરવો હોય તો પ્રથમ તે દેશનું શિક્ષણ ખતમ થાય તેવું કરો, તેમજ તેના યુવાધનને નશીલા પદાર્થોના રવાડે ચડાવી દો, લોકો વધુ આળસુ થઈ જાય તે માટે તેમને ધર્માંધતા ફેલાવવા સાથે થોડા મહિનાઓ સુધી જીવન જરૂરી મફત સહાય આપો જેનું પરિણામ એ આવ ને કે લોકો નવું કરવાનું વિચારશે નહીં તથા આળસુ બની જશે, તેમજ કોઈ બાબતનો સામનો નહીં કરે તેવા નમાલા બની જશે અને આ બાબતોની થોડા અંશે અસર ભારતમા થવા લાગી છે! અને તેમાં પણ કોરોનાકાળને કારણે આ પૈકી કેટલીક બાબતો થોડા ઘણામા ઘર કરી ગઈ હોય તેવી સ્થિતિ બની ગઈ છે. પરંતુ મોટા ભાગની પ્રજાને આ બાબતોની અસર થઇ નથી તેનું કારણ છે ભારતની પ્રજામાં સનાતની સંસ્કારો જે સારી સુખદ બાબત છે. કોરોના કાળમાં મોટી અસર શિક્ષણ ક્ષેત્રમાં થઈ છે જેમાં દેશ ભરની શાળાઓ, કોલેજો, ક્લાસિસો સહિતના શૈક્ષણિક સંસ્થાનો દોઢેક વર્ષથી બંધ છે. આ સિવાય એક સમયે શિક્ષણ ક્ષેત્રે નિયમ હતો કે મોબાઇલનો ઉપયોગ કરવાનો નહીં પણ બાળકોના ભવિષ્યનો વિચાર કરી મોબાઈલનો ઉપયોગ કરવો પડે છે પરંતુ ઓન લાઈન ભણતરની અસર બાળકો પર કેવી આને કેટલી તે બાબત વિદ્યાર્થીઓના ભવિષ્ય પર કેવી થવા પામી છે તે શાળાઓ ખુલ્યા બાદ તથા ભણતર પૂરું થયા બાદ આમ વિદ્યાર્થી- વાલીઓ અનુભવી શકશે.

જો કે રાજકીય ક્ષેત્રે આ બાબતની અસર નહીં થાય. પરંતુ દેશને માટે બુધ્ધિ ધનમાં કેટલા પ્રમાણમાં નુકશાન થયું તે જાણવા મળશે. અનેક વિદ્યાર્થીઓના ભવિષ્ય ધુંધળા બનવાની સંભાવના વધી પડી છે! અને એ કારણે જે રાજ્યના વાલીઓ તથા ત્યાની સરકાર જાગૃત છે ત્યાં શાળાઓ સંપૂર્ણ રીતે નિયમોના અમલ સાથે કાર્યરત થઈ ગઈ છે. તેમજ ગુજરાત સહિતના કેટલાક રાજ્યોના વિદ્યાર્થી-વાલીઓ શાળા- કોલેજો શરૂ કરવા માંગ કરવા લાગ્યા છે. જોકે શાળા- કોલેજો ખોલવાની મંજુરી આપવા સરકારો તૈયાર છે પરંતુ નિયમો સાથે, માત્ર ૫૦ ટકા વિદ્યાર્થીઓ ભણાવી શકશે. સરકાર નિયમોનું પાલન કરવા સાથે મંજૂરી આપવાની તૈયારી કરી છે જેમાં કોલેજો આ અઠવાડીયામાં ગુંજતી થઈ જશે જ્યારે કે ધોરણ ૯ થી૧૨ માટે ઓગષ્ટમા શાળાઓને મંજૂરી આપી શકે છે.જેને કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં આનંદ વ્યાપી ગયો છે! સરકારને બાળકોની ચિંતા હોઈ સ્વાસ્થ્ય નિષ્ણાંતોની સલાહ મળે ત્યારે બાદ જ શાળા કોલેજ ખોલવા મંજૂરી આપે છે!

## ઝેરી દવા પીનાર સાપલાનાં યુવકે સારવારમાં દમ તોડ્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

સાપલાનાં ઢોકળીયા ગામે રહેતા અશ્વિન આવડ ગઢવી નામના ૪૦ વર્ષીય યુવાને ૧૨ દિવસ પહેલા ઝેરી દવા પી લેતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે મોત નિપજ્યાનું જાહેર કરતા ગઢવી પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી. આપઘાતનું કારણ જાણવા સાપલા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

## ગોંડલમાં પુત્રની ભૂલથી માતાએ ડીડીટી ગટગટાવ્યું

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

ગોંડલનાં ભગવતપરામાં ૬ વર્ષીય પુત્રે સાજીદ સીદકીએ જુલાબની બોટલમાં ડીડીટીનો પાવડર ભરીને મુક્યો હતો. જે ભૂલથી તેની માતા નસીમ સાજીદ સીદી (ઉ.વ.૨૮) એ જુલાબ સમજી પી જતા ઝેરી અસર થઇ હતી. બનાવ અંગેની જાણ થતા મહિલાને પરિવારજનોએ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ગોંડલ સીટી પોલીસે બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## મેંદરડા પોલીસે ઝડપેલ ૩।। લાખના દારૂનો નાશ કર્યો



## દાઉદી વ્હોરા ધર્મગુરૂનાં દીવાન શેખ હાતીમની વફાતઃ સૈયદનાં સાહેબે અંજલી પાઠવી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

જસદણ, તા.૧૨

વિશ્વભરના દાઉદી વ્હોરા સમાજના ત્રેપનમાં ધર્મગુરુ નામદાર ડો. સૈયદના અબુ જાફરુસ્સાદીક આલીકદર મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ.શ.) ની છેલ્લાં ૩૮ વર્ષથી ખીદમતમાં રહેતાં દીવાન મિયાંસાહેબ શેખ હાતીમભાઈ જમાલી રવિવારે ઇસ્ટ આફ્રિકાના ટાન્ઝાનીયા દેશના દારેસ્સલામ શહેરમાં વફાત પામતાં સોશ્યલ મીડિયામાં દેશ વિદેશના હજ્જારોની સંખ્યામાં વ્હોરા બિરાદરોએ દીલસોજી પાઠવી હતી. હાલ ડો. સૈયદના સાહેબ આફ્રિકા હોય અને દારેસ્સલામ આવવાનું નિશ્ચિત હોય તેથી મહૂમ મિયાંસાહેબ હજુ બે દિવસ પહેલાં મુંબઈથી દારેસ્સલામ પહોંચ્યા હતાં.

ત્યાં હાર્ટએટેકથી એમની વફાત થતાં વ્હોટ્સએપ, ઇન્સ્ટાગ્રામ, ફેસબૂક, ટ્વીટર સહીતના વિવિધ માધ્યમો પર લાખોની સંખ્યામાં વ્હોરા બિરાદરોએ અંજલિ પાઠવી હતી. જોગાનુજોગ રવિવારે વફાત પામેલ શેખ હાતીમભાઈનું જન્મસ્થળ ટાંગા હતું અને એ જ દેશમાં મરણ પામતાં આજે દફનવિધિ સંપન્ન થતાં સૈયદના સાહેબે આસુંની અંજલિ પાઠવી હતી.

## રોકડીયા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિધવા બહેનોને અનાજ કીટનું વિતરણ



(અમારા પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા.૧૨

રોકડિયા ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ દ્વારા દર મહિનાની જેમ ગત તા.૧૦ જુલાઈના રોજ કોરોના દ્વારા મહામારી દરમિયાન સમાજને મદદરૂપ થવા ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ રાજકોટમાં વસતા વિધવા તથા નિરાધાર બહેનોને ૧૦ દિવસ ચાલે એટલું અનાજ કરિયાણાની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમા મુખ્ય અતિથિ તરીકે રાજેન્દ્રભાઈ ચાવડા (બેંક કર્મચારી), મેધાબેન ચાવડા (બેંક કર્મચારી), સંજયભાઈ ગાંગાણી (સમાજ અગ્રણી), જયાબેન ટાંક (પૂર્વ કોર્પોરેટર), શૈલેન્દ્રભાઈ ટાંક, ભાવનાબેન ટાંક, શુભમભાઈ લાડવા (પ્રેસ- મિડીયા પ્રતિનિધિ), વિશાલભાઈ ચોટલીયા (પ્રમુખ, સતાધાર યુવા ગ્રુપ) હાજર રહ્યા હતા.

## રૈયાધારમાં દારૂ પીવાના પૈસા નહિ આપતા યુવક પર ત્રણ શખ્સોનો છરી વડે હુમલો

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

શહેરના રૈયાધાર મફતિયાપરામા દારૂ પીવા માટેના પૈસા માંગી યુવક પર ત્રણ શખાઓએ છરી વડે હુમલો કરી બન્ને હાથમાં ઇજા કર્યા અંગેની યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

મારામારીના બનાવ અંગે રૈયાધાર મફતીયાપરામાં રહેતા મંજૂરીકામ કરતા દિનેશભાઇ લક્ષ્મભાઈ પરમારની ફરિયાદ પરથી રવિ પરમાર, પકો તથા બાબુભાઇ સામે પૈસાની લેતી દેતી બાબતે છરી વડે હુમલો કર્યા અંગેની ફરિયાદ નોંધાવી છે. પી.એસ.આઈ બરવાડિયાએ આઇપીસી ૩૨૩, ૩૨૪, ૫૦૫,૫૦૬ મુજબ ગુનો નોંધ્યો છે.

રૈયાધાર મફતિયાપરામાં રહેતો દિનેશ પરમાર ( ઉ.વ ૪૬ ) એ સાંજે ઘર પાસે હતો. ત્યારે દારૂ પીવા માટેના પૈસા માંગી ત્રણેય શખ્સોએ ઝગડો કર્યો હતો. રવિ પરમારે છરી વડે હુમલો કરી યુવકના બન્ને હાથમાં ઇજા કરી હતી. જ્યારે અન્ય બે શખ્સોએ ઢીકાપાટુનો મારમાર્યો હતો. ઇજાગ્રસ્ત યુવાને સિવિલ હોસ્પિટલમાં તબીબી સારવાર મેળવી હતી.

## વિરડા વાજડી પાસે વોકળામાંથી ૫૭૬ બોટલ દારૂ રેઢો મળ્યો



**ગાંધીગ્રામ-૨ (યુની) પોલીસે રૂ.૨ લાખનો દારૂ કબ્જે કરી ખાનગી રાહે બુટલેગરની ભાળ મેળવવા તજવીજ હાથ ધરી**

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૧૨


કાલાવડ રોડ પર આવેલા વિરડા વાજડી ગામનાં પુલ પાસે મીરા નર્સરીવાળા રોડ પર આવેલા વોકળામાંથી રૂ. ૨ લાખની કિંમતનો ૫૭૬ બોટલ દારૂ પોલીસને રેઢો મળી આવતા પોલીસે દારૂ કબ્જે લઈ તપાસ હાથ ધરી છે. આ અંગેની વિગત મુજબ વિરડા વાજડી ગામે મીરા નર્સરીવાળા રોડ પર આવેલા વોકળામાંથી મોટા ખાલી બોક્સ પડેલા હોવાની હકીકત મળતા પી.આઇ એ.એસ.ચાવડાની સુચનાથી કોન્સ્ટેબલ રાજેશભાઈ, હરપાલસિંહ, યુવરાજસિંહ, જેન્તીગીરી, રાવતભાઈ સહિતનાં સ્ટાફે વિરડા વાજડી ગામે ઉપરોક્ત સ્થળે તપાસ કરતા અલગ-અલગ બ્રાંડની ૫૭૬ બોટલ દારૂ કિંમત રૂ. ૨૦૧૬૦૦ નો રેઢો મળી આવતા પોલીસે દારૂ કબ્જે કરી ખાનગી રીતે તપાસ હાથ ધરી બુટલેગરની ભાળ મેળવવા તજવીજ હાથ ધરી છે.

## ઉપલેટા અને ધોરાજીમાં જુગાર રમતા ૧૦ શખ્સો ઝડપાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

ઉપલેટા પોલીસે પોરબંદર નેશનલ હાઈ-વે પર આવેલા સિદ્ધાર્થ ઇન્ડસ્ટ્રીઝ એરિયામાં જાહેરમાં જુગાર રમતા માંડા મેરામ કાલરીયા, હરીલાલ કાનજી ઘેરીયા, દિલીપ વિઠલ કોરડીયા, ચંદુ વલ્લભ કાલરીયા, જગદીશ અમૃત ભેસદલીયા, ચંદુ વશરામ ભેસદલીયા, કાંતી વશરામ જીથરા સહિત સાત શખ્સોની પોલીસે ધરપકડ કરી રોકડા રૂ. ૪૧૨૩૦ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી છે. જયારે અન્ય એક બનાવમાં ધોરાજી પોલીસે મોચી બજાર અંટાળા



શેરીમાં રહેતા શખ્સનાં રહેણાંક મકાનમાં જુગાર રમતા આશીફ ગની હેરેજા, સિકંદર સલીમ તથા ઈસ્માઈલ ઇશાક સરાણીયા સહિત ત્રણ શખ્સોની ધરપકડ કરી રોકડા રૂ.૩૦૫૫૦ કબ્જે કર્યા છે.

## વિંછીયાનાં હાથસણી ગામે યુવાન પર ધારિયા વડે હુમલો

**બે મહિલા સહિત ચાર શખ્સોએ હુમલો કરી બે યુવાનોને માર મારતા વિંછીયા પોલીસમાં ફરિયાદ નોંધાઈ**

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

વિંછીયાનાં હાથસણી ગામે કોઈ બાબતે ઝઘડો કરી બે મહિલા સહિત ચાર શખ્સોએ ધારિયા વડે હુમલો કરી બે યુવાનને માર મારતા વિંછીયા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. આ અંગેની વિગત મુજબ વિંછીયાનાં હાથસણી ગામે રહેતો રામજી જુગાભાઈ સોલંકી (ઉ.વ.૨૦) નામના યુવાને ગઈકાલે બપોરનાં ચાર વાગ્યે ગામની સીમમાં આવેલી સતરંગ વાડી વિસ્તારમાં હતા ત્યારે ગોકળ દેવજી સોલંકી, રમેશ ગોકળ સોલંકી, ગયુ ગોકળ, ભાવુ રમેશ સહિત ચાર શખ્સોએ કોઈ બાબતે ઝઘડો કરી ધારિયા વડે હુમલો કરી મારમારી માથામાં ગંભીર ઈજા કરી નાસી જતા યુવાને વિંછીયા પોલીસમાં ફરિયાદ નોંધાવતા એ.એસ.આઈ જે.એમ.ટમાલીયાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

## ધોરાજીમાં ૩ કિલો ગાંજા સાથે શખ્સ ઝડપાયો



**રૂરલ એસ.ઓ.જી ની ટીમે ચોક્કસ બાતમીનાં આધારે બાવાજી શખ્સને દબોચી લઇ રૂ. ૩૯૪૬૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો**

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

ધોરાજીમાં ભૂતનાથ મહાદેવ મંદિર પાસે રહેતા બાવાજી શખ્સ પાસે ગાંજો હોવાની બાતમી મળતા રૂરલ એસ.ઓ.જી ની ટીમે રેડ કરી વોકળાનાં કાંઠેથી બાવાજી શખ્સને રૂ. ૪૦ હજારનાં ગાંજા ૩ કિલો ગ્રામ સાથે દબોચી લઇ કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની વિગત મુજબ ધોરાજીમાં એક શખ્સ ગાંજાનું વેચાણ કરતો હોવાની હકીકત મળતા રૂરલ એસ.ઓ.જી નાં પી.આઈ એ.આર. ગોહિલની સુચનાથી પી.એસ.આઈ એચ.એમ.રાણા તથા જી.જે.ઝાલા, એ.એસ.આઈ વિજયભાઈ, હેડ કોન્સ્ટેબલ સંજયભાઈ, અમિતભાઈ સહિતનાં સ્ટાફે ધોરાજીમાં ભૂતનાથ મહાદેવનાં મંદિર પાસે વોકળાનાં કાંઠે રહેતો અજયગીરી મનસુખગીરી ગોસ્વામી નામના બાવાજી શખ્સનાં રહેણાંક મકાનમાં ૩ કિલો ૪૪૬ ગ્રામ ગાંજો કિંમત રૂ. ૩૪,૪૬૦ તથા એક મોબાઈલ સહિત રૂ. ૩૯,૪૬૦ નાં મુદ્દામાલ સાથે મળી આવતા પોલીસે બાવાજી શખ્સની ધરપકડ કરી રૂ. ૪૦ હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે.

## આજથી રાજકોટ એરપોર્ટ ફરી શરૂઃ ઇન્ડિગોની રાજકોટથી મુંબઇ-દિલ્હી ફ્લાઇટ શરૂ




**એર ઇન્ડીયા ૧૪ મીથી રોજ ઉડાવશેઃ સ્પાઇસ જેટ ૧૫ મીથી દરરોજ રાજકોટથી મુંબઇ-દિલ્હી-ગોવા-હૈદાબાદની ફલાઈટ આપશે**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા. ૧૨

રાજકોટનું એરપોર્ટ ફરી ધમધમવા લાગ્યું છે, કોરોના શાંત થતા તેમજ આરટી-પીસીઓ ટેસ્ટનો નિયમ નીકળી જતા મુસાફરોમાં ભારે ઘસારો થયો છે, જેના પરિણામે રાજકોટ એરપોર્ટ પર ૧૫ મીથી તો રોજની ૯-૯ ફ્લાઇટ આવશે અને જશે.

ઇન્ડિગો - સ્પાઇસ જેટની ફ્લાઇટ બંધ હતી ત્યારે એર ઇન્ડીયાની વીકમાં ૪ દિવસ મુંબઇ-દિલ્હીની ફ્લાઇટ ચાલુ હતી, હવે આજથી ઇન્ડિગો ફરી મેદાનમાં આવી છે, વીકમાં પાંચ દિવસ રાજકોટથી મુંબઇ અને દિલ્હીની ફ્લાઇટની ફ્રિકવન્સી આપી રહી છે, તો એર ઇન્ડીયા ૧૪ મીથી રાજકોટથી મુંબઇ અને દિલ્હી વચ્ચે દરરોજ બપોરે ફ્લાઇટ શરૂ કરશે.

આ ઉપરાંત સ્પાઇલ જેટ ૧૫ મીથી આવી રહી છે, તે એકી સાથે ૪ ફ્લાઇટ શરૂ કરશે, જેમાં રાજકોટથી મુંબઇ-બેંગલોર- હૈદ્રાબાદ અને ગોવાનો સમાવેશ થાય છે, આમ ૧૫ મીથી તો રાજકોટનું એરપોર્ટ વહેલી સવારથી મોડી રાત સુધી સતત ધમધમશે, મોટાભાગની ફ્લાઇટોમાં યાત્રીકોનો ઘસારો છે, ૭૮ થી ૧૪૪ સીટરવાળા પ્લેન રાજકોટને ફાળવાયા છે, ૭૦ થી ૮૦ ટકા બૂકીંગ થઇ ગયાનું સુત્રોએ ઉમેર્યુ હતું.

## ગુજરાતનું અમુલ જેવું મજબુત સહકારી ક્ષેત્ર હશે જે દેશ માટે રોલમોડેલઃ રાજુ ધ્રુવ

**દેશના પ્રથમ સહકારમંત્રી બનવા માટે સહકારી ક્ષેત્રના નિષ્ણાંત કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહને અભિનંદન સાથે આવકાર**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

કેન્દ્રની સરકારે ઐતિહાસિક પગલું લેતાં સહકાર સે સમૃદ્ધિના તેના વિઝનને વાસ્તવિક બનાવવા માટે અલગ "સહકાર મંત્રાલય"ની રચના કરી છે. આ મંત્રાલયનો આશય દેશમાં સહકારી ચળવળને પ્રોત્સાહન આપવાનો છે. જેને સૌરાષ્ટ્ર ભાજપના પ્રવકતા રાજુભાઇ ધ્રુવએ આવકાર્યું હતું અને તેમાં પણ ખાસ ગુજરાતનું મજબૂત સહકારી ક્ષેત્ર રોલ મોડેલ તરીકે ઉભરી આવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ તકે રાજુભાઇ ધ્રુવે વધુમાં જણાવ્યું હતું કે , આઝાદી પછી પ્રથમ વખત સહકાર મંત્રાલય બનશે અને તેનાથી દેશના પાંચ લાખ કરતા વધુ ગામડાઓનો ઉધ્ધાર પણ થશે. ગુજરાત જેવું મજબૂત સહકારી ક્ષેત્ર દેશના અન્ય રાજ્યોમાં પણ હોવું જોઈએ તેવો વિચાર પણ આઝાદીના આઠ આઠ દાયકા પછી પણ કોંગ્રેસ સહિતના કોઈ પક્ષોએ કર્યો ન હતો હવે એનો માત્ર વિચાર જ નહિ પરંતુ એક નવું મંત્રાલય જ ઉભુ કરવાની જાહેરાત ગુજરાતના જ પનોતા પુત્ર અને દેશના વડપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ કરીને ગુજરાતના સહકારી ક્ષેત્રના મોડેલને રાષ્ટ્રવ્યાપી બનાવવાની દિશામાં કદમ માંડી દીધા છે, અમિતભાઇ શાહને જવાબદારી સોંપી નરેન્દ્રભાઇ મોદીએ વિકાસલક્ષી અભિગમોમાં ગ્રામ્ય વિસ્તારમાં વિકાસના વિઝનને દેશવાસીઓ સમક્ષ રજૂ કર્યું છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે , રાજકીય ચશ્મા પહેરીને આ નિર્ણયને ન મુલવવો જોઈએ. કારણકે આઝાદી પછી પ્રથમ વખત દેશમાં અને ખાસ કરીને કેન્દ્રીય સ્તરે આ પ્રકારનું મંત્રાલય ઉભુ કરવાનું આ પગલું એ દેશની ઉજળી આવતીકાલ માટે દીર્ઘદ્રષ્ટિ ભર્યું અસાધારણ પગલું છે .

અત્રે ઉલ્લેખનીય રહેશે કે ભારત ની મહાન લોકશાહી- રાષ્ટ્ર નિર્માતા લોખંડી પુરુષ સરદાર પટેલની પ્રરણાથી ગુજરાતનું ગૌરવ એવી અમૂલ ડેરીની સ્થાપના થઇ હતી, દૂધ ઉત્પાદકોને સહકારી ક્ષેત્ર સાથે જોડી દઈને અમૂલે સહકાર ક્ષેત્ર ના માધ્યમ થી દેશમાં સફેદ ક્રાંતિ સર્જી દીધી છે એ સર્વિદિત છે. નરેન્દ્રભાઇ મોદીએ ભારતની પ્રાચીન સંસ્કળતિ એવા યોગને પણ આંતરરાષ્ટ્રીય સ્તરે લઈ જઈ વિશ્વ યોગ દિવસની ઉજવણી શરૂ કરી , પૂર્વોત્તર અને દક્ષિણના રાજ્યોમાં જ્યાં હજુ સહકાર માળખુ સરખું ગોઠવાયુ નથી ત્યાં પણ આ ક્ષેત્રના સશક્તિકરણ ના પગરણ પણ થઈ ગયા છે, કાશ્મીરથી કન્યાકુમારી સુધી અને કચ્છથી કોલકત્તા સુધી સહકારી ક્ષેત્રનો વ્યાપ વધારવા ભારત સરકારે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ માં દેશ ના પ્રથમ સહકારમંત્રી અમિત શાહના કુશળ પ્રધાનપદ હેઠળ હવે રોડ મેપ તૈયાર કરી દીધા છે. ભારતમાં આમ તો ૧૯૦૪માં સહકારી પ્રવૃતિ શરૂ થઈ ગઈ હતી જે બાદ ૧૯૫૮માં સહકાર મંત્રાલય પણ બનાવાયું હતું પરંતુ તેને ૧૯૬૬ માં કળષિ મંત્રાલય સાથે ભેળવી દેવામાં આવ્યું હતું આથી કોઈ નોંધપાત્ર અસર દેખાતી નહોતી.



બીજીતરફ કોરોના કાળમાં લોકડાઉન દરમિયાન રોજગારી આપવામાં સહકારી ક્ષેત્ર મોખરે રહ્યુ હતું એટલે હવે નવું મંત્રાલય ઉભુ થતા સમગ્ર દેશ માં સહકારી ક્ષેત્ર ના વિકાસ ને એક નવું બળ મળતા આ દિશામાં પણ રોજગારીના એક નવા સૂર્યનો ઉદય થશે તેમ રાજુ ધ્રુવે વિશ્વાસ પૂર્વક જણાવ્યુ છે.

## ઘાસની આડમાં સંતાડીને લઈ જવાતા સવા લાખના દારૂ સાથે ચોટીલાનો શખ્સ ઝબ્બે

મોરબી,તા. ૧૨

વાંકાનેરના વઘાસીયા ટોલનાકા નજીકથી નાની માલ વાહન ગાડીમાં લીલા ઘાસની આડમાં સંતાડીને લઇ જવામાં આવતો દારૂનો જથ્થો મોરબી એલસીબી ટીમે ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ મોરબી જીલ્લા પોલીસ વડા એસ આર ઓડેદરાના માર્ગદર્શન હેઠળ મોરબી એલસીબી પી આઈ વી બી જાડેજાની સુચનાથી પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હોય દરમિયાન સ્ટાફના જયેશભાઈ વાઘેલા તથા વિક્રમભાઈ ફૂગસીયાને બાતમી મળેલ કે ચોટીલા તરફથી



એક નંબર વગરની અશોક લેલન નાની માલવાહક ગાડીમાં લીલા ઘાસની આડમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડીને હેરાફેરી કરી વઘાસીયા ટોલનાકા તરફ આવનાર હોવાની બાતમીના આધારે પોલીસ સ્ટાફે વોચ ગોઠવતા નાની માલવહન ગાડી નીકળતા તેને રોકી તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વાહન ચોર ગેંગ ઝડપાઈઃ ૧૩ બાઈક કબજેઃ રૂ. ૨.૮૫ લાખનો મુદ્દામાલ કબ્જે



**રૂરલ એલ.સી.બી ની ટીમે પાંચ વાહન ચોર ઇસમોને દબોચી લઇ ૨૦ જેટલા વાહન ચોરીનાં બનાવનાં ભેદ ઉકેલ્યા**

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી વાહન ચોર ગેંગ સક્રિય હોવાની બાતમી પરથી રૂરલ એલ.સી.બી ની ટીમે વાહન ચોર ગેંગનાં પાંચ શખ્સોને દબોચી લઇ ૧૩ બાઇક કબ્જે કરી રૂ. ૨.૮૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ૨૦ જેટલી થયેલી વાહન ચોરીનો ભેદ ઉકેલી નાખ્યા છે. આ અંગેની વિગત મુજબ રાજકોટ રૂરલ થતા ભાવનગર જીલ્લામાં વાહન ચોરી કરતી ગેંગ રૂરલ વિસ્તારમાં સક્રિય હોવાની બાતમી મળતા રૂરલ એલ.સી.બી નાં પી.આઈ એ.આર.ગોહિલની સુચનાથી હેડ કોન્સ્ટેબલ રવિદેવભાઈ બારડ તથા પ્રકાશભાઈ પરમારને મળેલ ચોક્કસ બાતમીનાં આધારે વિંછીયામાં પાંચ શખ્સોની ટોળકી હોય વાહન ચોરી કરતી હોવાની બાતમીનાં આધારે રાજકોટનાં નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર વેજાગામમાં પરશુરામ મંદિર પાસે રહેતો જયદીપ હમીર મેરિયા, વિંછીયાનાં સનાળી ગામે રહેતો હર્ષદ ભોળા તાવીયા, વિંછીયાનાં આસલપુર ગામે રહેતો વિશાલ પ્રવિણ જાપડીયા, ગારીયાધાર ગામે રહેતો તનવીર ઇકબાલ કાજી, જુના રાજપરા ગામે રહેતો પંકજ ઉર્ફે સુરેશ ઉર્ફે કાળો ભુપત ઘાપા નામના પાંચ શખ્સોને પોલીસે દબોચી લઇ સઘન પૂછપરછ હાથ ધરતા ઉપરોક્ત પાંચ શખ્સોની વાહન ચોર ગેંગ દ્વારા રાજકોટ ગામ તથા ભાવનગર જીલ્લામાં ૨૦ થી વધુ વાહન ચોરી કર્યા હોવાની કબુલાત આપતા પોલીસે ચોરાઉ વાહન કબ્જે કરવા તજવીજ હાથ ધરતા પોલીસે ૧૩ બાઈક ચોરાઉ કબ્જે કરી કુલ રૂ. ૨૦૫૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કુલ ૨૦ વણ શોધાયેલી મોટર સાયકલ ચોરીનાં બનાવના ભેદ ઉકેલી નાખ્યા છે.

# પંચનાથ હોસ્પિટલમાં સારવાર લેતા દરેક દર્દીઓનો એક જ સૂર, "આ તો સાક્ષાત મહાદેવનું સેવાલય"



**ફક્ત ૧૧૧ દિવસમાં ૨૦૩ જેટલી સફળ સર્જરી કરવામાં આવી**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૨

આજથી ૧૮ વર્ષ પહેલા એટલે કે તા.૨/૩/૨૦૦૩ ના રોજ દેવાધિદેવ મહાદેવના સાનિધ્યમાં જરૂરતમંદોને સાચાં અર્થમા નજીવા દરે સચોટ નિદાનઅને સારવાર મળી શકે તેવા ઉદેશથી રાજકોટમા મધ્યમા આવેલા ૧૪૭ વર્ષ જુના અતિ પ્રાચીન દેવાલય પંચનાથ મહાદેવ મંદિરના પવિત્ર પરિસરમાં પંચનાથ સાર્વજનીક મેડિકલ ટ્રસ્ટ દ્વારા પંચનાથ નિદાન કેન્દ્ર સ્વરૂપે બીજ રોપવામાં આવેલા સેવાકીય ભાવના ધરાવતા ટ્રસ્ટીઓ અનેક ઉદારદીલ ધરાવતા દાતાશ્રીઓ સેવાભાવી કાર્યકરો શુભેચ્છકોએ શ્રધ્ધાપૂર્વક રોપવામાં આવેલા આ બીજને માતા તુલ્ય જતન કરીને વટવૃક્ષ તરફ પ્રયાણ કરવામાં અમૂલ્ય યોગદાન આપ્યું છે તેના પરિણામ સ્વરૂપે આ વટવૃક્ષે વાસ્તવમાં આજે મલ્ટીસ્પેશીયાલીટી હોસ્પિટલ તરીકે પોતાની આગવી ઓળખ ઉભી કરી છે

ઓર્થોપેડીક સર્જન દ્વારા ૨૫ સર્જરી કરવામાં આવી જેમાં પગમાંથી સળીયો કાઢવો નાખવો હાડકાના ફ્રેકચરની સારવાર અને જરૂર જણાય ત્યાં સર્જરી કરવામાં આવી સૌથી અગત્યની બાબત એ છે કે જુનાગઢ જિલ્લાના વતની વિજયભાઇ ડાંગર નામના દર્દી ગમે તે રીતે ઢળી ગયા હતા. તેથી તેમને પગના ગોળામાં ગંભીર ઇજા થયેલ હતી પરીણામે ગોળાનુ ઓપરેશન કરવુ જરૂરી હતુ ઓર્થોપેડીક સર્જન ડો કેલ્વીન વૈષ્ણાણી તેમજ ડો. અવિનાશ મારૂએ સંયુક્ત રીતે ગોળામાં સ્ક્રુ દ્વારા પ્લેટ ફીટ કરવામા આવી હતી અને દર્દી પર આ અતિ સંવેદનશીલ સર્જરી સફળતાપૂર્વક કરીને તેમને પુન:સ્વાસ્થય પ્રદાન કરેલ છે અને દર્દી દ્વારા ઓર્થોપેડીક સર્જનનો તથા હોસ્પિટલ તંત્રનો ઓડીયો ક્લીપ દ્વારા હૃદયપૂર્વકનો આભાર વ્યકત કરેલ છે

જનરલ સર્જનો દ્વારા અત્યાર સુધીમાં અલગ અલગ પ્રકારની ૨૭ સફળતાપૂર્વક સર્જરીઓ કરવામાં આવી જેમાં હરસ ચાંદા મસા કપાસી ભગંદર સારણગાંઠ પિત્તાશય કાઢી નાખવું પથરી જેવા ઓપરેશન કરવામાં આવ્યા પરંતુ હોસ્પિટલ માટે અતિ સંવેદનશીલ બાબત એ હતી કે ૧૫ વર્ષનો તરૂણ જેનવ સોનપાલ સાયકલ પર જઇ રહયાં હતા.

ત્યારે અકસ્માતે તેમને સાયકલનુ હેન્ડલ પેટમાં લાગ્યુ હતું અને આવી ઇજા સાથે તેઓ વ્હીલચેરમાં પંચનાથ હોસ્પિટલમાં આવ્યા હતા અને તુરત જ ઇમરજન્સી વિભાગ દ્વારા તેમની સારવાર શરૂ કરવામાં આવી થયેલા રેડીયોલોજીસ્ટ પરિક્ષણો મુજબ તેના આંતરડામા કાણા પડી ગયેલ હતા અને રસી થઇ ગયા હતા પોતાની કારકિર્દી દરમિયાન ૨૫૦૦૦ થી વધુ સફળ જનરલ સર્જરી કરનાર જનરલ સર્જન ડો વિરલ વસાવડા અને ડો અમીત આચાર્યની બાહોશ ટીમે સર્જરી દ્વારા આંતરડુ કાપીને આ તરૂણને નવજીવન આપવામાં અભિનંદનીય સફળતા પ્રાપ્ત કરેલ છે ઓપરેશન બાદ દર્દીને આઇસીયુમા રાખવામા આવેલ અને ખૂબજ ટૂંકા સમયમાં પુન:સ્વાસ્થય પ્રાપ્ત થતા તેમણે હોસ્પિટલમાંથી પ્રસન્નવદને રજા લીધી હતી.

પંચનાથ સાર્વજનીક મેડિકલ ટ્રસ્ટના પ્રમુખ દેવાંગ માંકડ માનદ મંત્રી મયૂરભાઇ શાહ, કોષાધ્યક્ષ ડી વી મહેતા, ટ્રસ્ટીઓ ડો રવિરાજ ગુજરાતી, વસંતભાઇ જસાણી, મહેન્દ્રસિંહ ગોહેલ, અનિલભાઈ દેસાઈ, સંદીપભાઇ ડોડીયા, જૈમીનભાઇ જોષી, નિરજભાઇ પાઠક, નીતિનભાઈ મણીયાર, મિતેષભાઇ વ્યાસ, નારણભાઈ લાલકીયા, મનુભાઇ પટેલ જેવા સેવાના ભેખધારીઓ હોસ્પિટલ તંત્ર તરફથી માંગવામાં આવી રહેલા આપના અભિપ્રાયો જરૂરથી જણાવશો જે હોસ્પિટલના વિકાસ અને સેવા માટે અનિવાર્ય આનંદદાયક અને આવશ્યક છે જે અખબારી યાદીમા જણાવેલ છે.

# ભવનાથ પોલીસે ૧૧ વાહનો ડિટેઈન કરી મેમો ફટકાર્યો



(અમારા પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ, તા.૧૨

તાજેતરમાં ભવનાથ વિસ્તારમાં સગીર બાળકો દ્વારા પુરઝડપે બેફિકરાઈથી વાહનો ચલાવી, અકસ્માત સર્જવાના બનાવના પગલે જૂનાગઢ જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા ખાસ કરીને વગર લાયસન્સએ વાહન ચલાવતા ટીન એજરો ઉપર કાર્યવાહી કરવા સુચનાઓ કરવામાં આવેલ છે. જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ ભવનાથ પોલીસ સ્ટેશનના પીએસઆઇ એમ.સી. ચુડાસમા તથા સ્ટાફના હે.કો. રામદેભાઈ, ભીમાભાઈ, રાજુભાઇ ઉપાધ્યાય, કરશનભાઇ, પો.કો. અશ્વિનભાઈ, સહિતના સ્ટાફની ટીમ દ્વારા ખાસ ચેકીંગ હાથ ધરી, ૧૧ જેટલા સગીર વયના બાળકોને વાહન ચલાવતા પકડી પાડી, કાર્યવાહી કરી, વાહનો ડિટેઇન કરી, આરટીઓ કચેરીના મેમાં ફટકારવામાં આવેલ છે. આરટીઓ દ્વારા દંડનીય કાર્યવાહી કરવામાં આવે ત્યારબાદ વાહન છોડવામાં આવશે. સગીર વયના બાળકો, જેઓ પાસે લાયસન્સ ના હોય તેવા બાળકોને વાહન ચલાવવા આપતા વાલી/પિતા ઉપર પણ કાર્યવાહી કરવા પોલીસ દ્વારા ચક્રો ગતિમાન કરવામાં આવેલ છે. આ પ્રકારની ખાસ ઝુંબેશ આગામી સમયમાં પણ ચાલુ રાખવામાં આવશે, તેવું પોલીસની એક યાદીમાં જણાવવામાં આવેલ છે.

**લાયન્સ કલબ ઓફ ગાંધીધામ ન્યૂ હોરાઈજન દ્વારા**

# ગ્રીન ગુજરાત ગ્રીન કચ્છના સુત્રને સાર્થક કરવા ત્રિદિવસીય વૃક્ષારોપણ મહોત્સવ ઉજવાયો





(અમારા પ્રતિનિધિ દ્વારા)
હળવદ, તા.૧૨

સ્થાનીય લાયન્સ કલબ ન્યૂ હોરોઇજન દ્વારા ગાંધીધામ શહેરના વિવિધ સ્થળે પર્યાવરણ સુરક્ષા માટે વૃક્ષારોપણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. પેલો કેમ્પ એકેડેમિક હાઇટ્સ સ્કૂલમાં, બીજા દિવસે સરદાર વલ્લભભાઈ પાર્ક, મૈત્રી સ્કુલ આદિપુર બચપન સ્કુલ આદિપુરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

આ બન્ને દિવસના આયોજનમાં શાળાના ઓનર મનોજ મુલચંદાનીનો મહત્વનો ફાળો હતો અને પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર ની રુહે લાયન મીનલ ભાનુશાલીનો કાર્ય ઉલ્લેખનીય હતુ. ત્રીજા દિવસે આત્મીય વિદ્યાપીઠમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યો.

જેમાં વિદ્યાપીઠના હેમંત કચ્છડીયા અને પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર એડવોકેટ રીટા બેન શાહનો વિશેષ સહયોગ રહ્યો. વિદ્યાપીઠના દરેક અધ્યાપકએ વૃક્ષારોપણ કરી વાવેલા વૃક્ષોના લાલન પાલન ઉછેરની જવાબદારી આવતા ત્રણ વર્ષ માટે લીધી. આ ત્રણે દિવસના વૃક્ષારોપણ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાનેથી વ્યક્તત્વ આપતા લાયન નેહા વોરાએ કહ્યું કે અત્યાર સુધી તેઓએ જેટલા વૃક્ષો વાવ્યા છે તેમાં વૃક્ષોનો લાલન પાલન આવતા ત્રણ વર્ષ સુધી કરી શકાય તેનો વિશેષ ખ્યાલ રાખ્યો હતો. આ ત્રિદિવસીય વૃક્ષારોપણ કાર્યક્રમના પ્રોજેકટ ચેયરપર્સન હતા લાયન સ્મિતા સિંગ અને આ કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રમુખ નેહા વોરા કોષઅધ્યક્ષ સુબ્રતો બિશ્વાસ, મીનલ ભાનુશાલી, એડવોકેટ રીટા શાહ, સ્મિતા સિંગનો મહત્વનો ફાળો હતો.

# હળવદ યાર્ડ દ્વારા એમબીબીએસનો અભ્યાસ કરતા ૨૪ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અપાઈ

(અમારા પ્રતિનિધિ દ્વારા)
હળવદ, તા.૧૨





**નવા માલણીયાદ ગામે અકસ્માતમાં મૃત્યુ પામેલા ખેડૂતના પરિવારને એક લાખનો ચેક અર્પણ કરાયો**

હળવદ તાલુકાના કોઈપણ ગામના ખેડૂત પરિવારનો દીકરો એમબીબીએસનો અભ્યાસ કરતો હોય તેમજ તાલુકામાં કોઈ ખેડૂત અકસ્માતે મૃત્યુ પામે તો તેમના પરિવારને આર્થિક મદદ મળી રહે તેવા હેતુ સાથે હળવદ માર્કેટ યાર્ડ વગર પ્રીમિયમે ખેડૂત પરિવારને એક લાખ રૂપિયાનો વીમો ચૂકવે છે સાથે જ તાલુકામાં ખેડૂત પરિવારનો દીકરો એમ.બી.બી.એસનો અભ્યાસ કરતો હોય તો તેને ચાર વર્ષ સુધી દર વર્ષે ૨૦ હજાર ચુકવવામાં આવે છે. હળવદ માર્કેટ યાર્ડના ચેરમેન રણછોડભાઈ પટેલએ જણાવ્યું હતું કે હળવદ પંથકના કોઇપણ ખેડૂત અકસ્માતનો ભોગ બન્યા બાદ આકસ્મિક ઘડીએ પાછળથી તેમના પરિવારના જીવનનિર્વાહ માટે પ્રીમિયમ વગર અને કોઈ પણ લાંબી પ્રક્રિયા વગર સાવ સરળતાથી તેમના પરિવારને અકસ્માત વીમો ચુકવવામાં આવે છે આ ઉપરાંત આપણા વિસ્તારના કોઈપણ સમાજના વિદ્યાર્થીઓ એમબીબીએસ કરતા હોય પણ આગળ અભ્યાસ માટે તેમની નબળી આર્થિક સ્થિતિ અવરોધ ન બને તે માટે તેમને પણ યાર્ડ દ્વારા અભ્યાસમાં મદદરૂપ થવા દર વર્ષે ૨૦ હજાર સુધીની સ્કોલરશિપ આપવામાં આવે છે.

વધુમાં માહિતી આપતા માર્કેટયાર્ડના સેક્રેટરી મહેશભાઇ પટેલએ જણાવ્યું હતું કે હળવદ યાર્ડ હંમેશા ખેડૂત અને તેમના પરિવારની સાથે રહ્યું છે અહીં અકસ્માત વીમા, સ્કોલરશીપ યોજના,એમ્બ્યુલન્સની સુવિધા, ખેડૂતોને રાહત દરે ભોજન મળી રહે તે માટે ભોજનાલય સહિતની સુવિધાઓ ખેડૂત હિતમાં શરૂ કરવામાં આવી છે.

# લાંબા સમય બાદ પક્ષીઓ મુકતપણે હવામાં ફરતા નજરે પડ્યા



**(અમારા પ્રતિનિધિ દ્વારા)** મોટાદડવાઃ કોરોનામાંથી થોડી રાહત મળતા બાગ-બગીચા, મોલ ખૂલવા લાગ્યા અને શહેરોમાં લોકો હરતા-ફરતા થયા. ત્યારે જાણે પક્ષીઓમાં પણ સભાઓ થવા લાગી હોય તેમ બહુમતી સાથે સમી સાંજનાં છુટા પડતી વેળાએ ચકલીઓ-ચકલાઓ આવતીકાલનાં પ્રયાણ માટે કે કોરોના હવે જવાના આરેનાં સમાચાર આપી જતો સંદેશ સોશિયલ ડીસ્ટન્સ સાથે નહીં પણ એકબીજાનાં સહારે જીવવાનો સંદશો આપતા હોય તેમ વિજનાં તાર પર એક હરોળમાં ગોઠવાયેલા ડઝનથી વધુ ચકલી-ચકલાઓનું દ્રશ્ય નજરે પડી રહ્યું છે.

**શૈક્ષણિક સંસ્થાઓની મહિલા કર્મચારીઓ અને વિદ્યાર્થીનીઓ માટે**

# જીનિયસ ગ્રુપ દ્વારા 'લિગલ અવેરનેસ એન્ડ ડિફેન્સ ટેકનિકસ શિબિર'નું આયોજન







**કાનૂની સેવા સતા મંડળના સહયોગથી બુધવારે બપોરે ૧૨:૧૫ વાગ્યે સ્વબચાવની તાલીમ અને કાનૂની માર્ગદર્શન નિષ્ણાંતો દ્વારા અપાશે**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૨

રાજકોટના જાણીતા જીનિયસ ગ્રુપ ઓફ ઈન્સ્ટીટયુશન્સ દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ ઉપરાંત વાસ્તવિક જીવનની સમજ આપવા માટે સમયાંતરે વિશેષ પ્રવૃતિઓ અને કાર્યક્રમોના આયોજન કરવામાં આવે છે. સંસ્થા દ્વારા રાજકોટ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સહયોગથી શાળા અને કોલેજની વિદ્યાર્થીનીઓને કાનૂની માર્ગદર્શન અને સેલ્ફ ડિફેન્સ ટેકનિકસની તાલીમ આપવા માટે પલિગલ અવેરનેસ એન્ડ ડિફેન્સ ટેકનિકસથ શિબિરનું આયોજન આગામી તા. ૧૪ જુલાઈને બુધવારના રોજ બપોરે ૧૨:૧૫ કલાકે જીનિયસ સ્કૂલ ખાતે કરવામાં આવ્યુ છે.

આ કાર્યક્રમ અંતર્ગત સ્વરક્ષણ અને લિગલ અવેરનેસ અંગે નિષ્ણાંતો દ્વારા સ્વરક્ષણની વિવિધ ટેકનિકસ અને કાનૂની બાબતોની જાણકારી આપવામાં આવશે.

આ શિબિર માટે પ્રત્યક્ષ સહભાગી તરીકે સરકારની કોવીડ ગાઇડલાઇન અનુસાર જીનિયસ ગ્રુપની શિક્ષીકાઓ, કર્મચારીઓ અને વિદ્યાર્થીનીઓ ઉપરાંત રાજકોટ શહેરની અન્ય શૈક્ષણિક સંસ્થાઓ અને કોલેજોની વિદ્યાર્થીનીઓ પણ ભાગ લેશે.

તે ઉપરાંત આ શિબિરનું પ્રસારણ જીનિયસ સ્કૂલના ફેસબુક થકી પ્રસારીત થશે, જેમાં કોઇ પણ લોકો જોડાય શકશે. આ શિબિરનો ઓનલાઇન માધ્યમ થકી લાભ લેવા વિદ્યાર્થીનીઓ અને વાલીઓને આયોજકો દ્વારા અપીલ કરવામાં આવે છે. આ શિબિરના આયોજનમાં સંસ્થાના ચેરમેન ડી.વી.મહેતા, સીઇઓ ડિમ્પલબેન મહેતા અને રાજકોટ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ એચ.વી. જોટાણીયાનાં માર્ગદર્શનમાં જીનિયસ સ્કૂલની ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# રોટરી કલબ હળવદના પ્રેસિડેન્ટ તરીકે ગોપાલ ઠકકરની વરણી

**રોટરી સાથે સંકલિત વિવિધ કલબોના પ્રેસિડેન્ટ, સેક્રેટરી, બોર્ડ મેમ્બરોએ વર્ષ ૨૦૨૧-૨૨ માટે પદગ્રહણ સમારોહ યોજાયો**



(અમારા પ્રતિનિધિ દ્વારા)
હળવદ, તા.૧૨

રોટરી કલબ ઓફ હળવદના પ્રેસિડેન્ટ તરીકે ગોપાલભાઈ ઠક્કર, સેક્રેટરી કાંતિભાઈ પટેલ, ઇનર વિલ કલબમાં જલ્પાબેન અઘારા, સેક્રેટરી રીટાબેન એરવાડિયા, રોટરેક્ટ કલબમાં પ્રેસિડેન્ટ ઉત્તમ પટેલ, સેક્રેટરી મિતેષ મુંજપરા, આર.સી.સી. સિનિયર સીટીઝન કલબમાં હસુભાઈ પટેલ, સેક્રેટરી મનજીભાઈ મેર, આર. સી.સી ટિકરમાં વિનોદભાઈ એરવાડિયા,સેક્રેટરી સંતોષભાઈ દેથરીયા, ઇન્ટરેક્ટ કલબમાં પ્રેસિડેન્ટ દેવાંગ રાવલ, સેક્રેટરી સૂર્યદીપ ઝાલા, અરલીએકટ કલબ ઓફ બ્રિલિયન્ટ સ્કૂલમાં યુવરાજ રાઠોડ, સેક્રેટરી ભાવિન મકવાણાની વરણી કરવામાં આવી હતી.

આ સમારોહમાં ભુજથી ખાસ ઉપસ્થિત પાસ્ટ આસિસ્ટન્ટ ગવર્નર ડિસ્ટ્રીક્ટ ૩૦૫૪ ના જયેશભાઇ શેઠ દ્વારા દરેક કલબના હોદ્દેદારોને શપથ લેવડાવામાં આવ્યા હતા. આ પ્રસંગે આસિસ્ટન્ટ ગવર્નર રાજીવભાઈ મહેતા તેમજ વઢવાણ, સુરેન્દ્રનગર, ધ્રાંગધ્રા, વઢવાણ મેટ્રો મોરબી કલબના હોદેદારો અને રોટરીયનો તેમજ આમંત્રિત મહેમાનો હાજર રહ્યા હતા.

# કુંકાવાવ ખાતે 'આપ' ની જન સંવેદના મુલાકાત યોજાઈ

(અમારા પ્રતિનિધિ દ્વારા)
વડિયા, તા.૧૨



સમગ્ર ગુજરાતના રાજકારણમાં છેલ્લા એક મહિનાથી ત્રીજા પક્ષ તરીકે આમ આદમી પાર્ટીની એન્ટ્રી થતા રાજકીય માહોલમાં ગરમાવો આવ્યો છે. આમ આદમી પાર્ટી દ્વારા છેલ્લા દિવસોમાં ઈસુદાન ગઢવી અને મહેશ સવાણીની એન્ટ્રી થતા જ સ્વચ્છ છબી ધરાવતા ચહેરાને સુકાન સોંપતા ગુજરાતમાં આપને ચારે બાજુથી લોકસમર્થન મળવા લાગ્યું છે. ત્યારે સંગઠનને મજબૂત બનાવવા માટે આમ આદમી પાર્ટી દ્વારા જન સંવેદના મુલાકાત રૂપે ગામડાઓમાં કોરોના પીડિતોને શ્રદ્ધાંજલિ આપવા અને નવા કાર્યકર્તાને જોડવા પ્રવાસ યાત્રા કરવામાં આવી રહી છે. તેના ભાગરૂપે અમરેલીના કુંકાવાવ ખાતે જન સંવેદના યાત્રા રૂપે ભુરખિયા હનુમાન મંદિરે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીમાં આ વિસ્તારના ૨૦૦ જેટલાં કાર્યકર્તાઓ ભાજપ-કોંગ્રેસ છોડી આપનો ખેસ ધારણ કર્યો હતો. ઉપરાંત કુંકાવાવ તાલુકાના લુણીધાર, અરજણસુખ, નાની કુંકાવાવ, મોટી કુંકાવાવ, અમરાપુર સાહિતના ગામોમાંથી કાર્યકર્તા અને આગેવાનો જોડાતા રાજકીય માહોલ ગરમાયો હતો. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના ઈસુદાન ગઢવી, મહેશ સવાણી, ગોપાલ ઈટાલીયા, મનીષા ખુંટ,સુખાભાઈ વાળા સહીતના આગેવાનો કુંકાવાવ તાલુકા આપના હોદેદારો અને કાર્યકર્તાઓ જોડાયા હતા. આ તકે ઈસુદાન ગઢવી દ્વારા નવા જોડાયેલા કાર્યકર્તાઓને આવકારી આવનારી ૨૦૨૨ની ચૂંટણી માટે એક કાર્યકર્તા સો સો લોકોને જોડવા આહવાન કર્યું હતુ.

# અમરેલી જીલ્લા, તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા મોંઘવારીના વિરોધમાં સાયકલ યાત્રા યોજાઈ



**પરેશ ધાનાણી, ડી.કે.રૈયાણી, મનીષ ભંડેરી, સંદિપ પંડ્યાની આગેવાનીમાં રેલી યોજાઈ**

(અમારા પ્રતિનિધિ દ્વારા)
અમરેલી, તા.૧૨

છેલ્લા અઢી દાયકા જેટલા સમયથી સામાન્ય પ્રજાજનોની હાલત અત્યંત કફોડી બની છે. સામાન્ય પ્રજાજનો માટે દૈનિક જીવન ચલાવવાનું અત્યંત મુશ્કેલ બન્યું છે. દિનપ્રતિદિન પેટ્રોલ- ડીઝલ, રાંધણગેસ સહિત દૈનિક જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના અસહ્ય ભાવ વધારાને લીધે ગુજરાતની પ્રજા પારાવાર હાલાકી ભોગવી રહી છે. કોરોના જેવી વિતરીત પરિસ્થિતિમાં પડયા ઉપર પાટુ જેવો અનુભવ જનતા કરી રહી છે.

આ સંજોગોમાં અમરેલી જિલ્લા કોંગ્રેસ, અમરેલી શહેર તથા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા ગત તા. ૧૦ જુલાઈનાં રોજ અમરેલી કોંગ્રેસ કાર્યાલય, જુના માર્કેટીંગ યાર્ડ ખાતેથી સાયકલ યાત્રાનું આયોજન કરવામાં આવેલ હતું. આ યાત્રામાં મોંઘવારીનો માર, પ્રજા બેહાલ સહિતનાં સુત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાવ્યો હતો. આ સાયકલ યાત્રા નેતા વિપક્ષ પરેશભાઈ ધાનાણી, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડી.કે.રૈયાણી, અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષભાઇ ભંડેરી તથા અમરેલી શહેર કોંગ્રેસ પ્રમુખ સંદીપભાઇ પંડયાની આગેવાનીમાં યોજાઇ હતી. જેમાં કોંગ્રેસ પક્ષના કાર્યકરો બહોળી સંખ્યામાં જોડાયા હતા.

# હળવદઃ ઝાલાવાડી સઈ સુથાર જ્ઞાતિના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ફુલસ્કેપ ચોપડાનુ વિતરણ કરાયું

(અમારા પ્રતિનિધિ દ્વારા)
હળવદ, તા.૧૨



હળવદ ગૌલેકશ્વર મહાદેવ મંદિર ખાતે ઝાલાવાડી સઈ સુથાર જ્ઞાતિના ધોરણ ૧ થી કોલેજ સુધીના ભણતા વિદ્યાર્થીઓને ફુલસ્કેપ ચોપડાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું. આ ફુલસ્કેપ ચોપડાનું ગત તા.૧૦ અને તા.૧૧ ના રોજ સવારે ૯ થી ૧૨ તથા બપોરે ૫ થી ૭ વાગ્યા સુધી વિતરણ ચાલુ રહેશે. જે સમય દરમ્યાન જ્ઞાતિજનોએ પોતાના ઘરમાં ભણતા દીકરા- દીકરીઓ માટે ફુલસ્કેપ ચોપડા વિનામૂલ્યે લઈ જવા જણાવાયું. છેલ્લા પાંચ વર્ષથી વિનામૂલ્યે જ્ઞાતિના વિદ્યાર્થીઓને ફુલ સ્કેપ ચોપડાનું વિતરણ કરવામાં આવે છે. જે દાતા પ્રદ્યુમનભાઈ તથા ગીતાબેન ચૌહાણ (હાલ અમેરિકા) વાળા તરફથી આપવામાં આવે છે.

# ફેમિલી પ્લાનિંગ એસોસિએશન રાજકોટ બ્રાંચ દ્વારા યોજાયેલ રૂબેલા રસીકરણ કેમ્પ સંપન્ન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૨



ગત તા. ૧૦ જુલાઈ ના રોજ ફેમિલી પ્લાનિંગ એસોસીએશન ઓફ ઇન્ડિયા રાજકોટ બ્રાંચ દ્વારા ખોડલ ધામ મહિલા સમિતિ, સરદાર પટેલ ભવન, માયાણીનગર ખાતે યુવા દીકરીઓ માટે રૂબેલા રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૮૪ દીકરીઓને રૂબેલાની ( નુરબીબી) રસી મુકવામાં આવી હતી.

આ કેમ્પમાં શરૂઆતમાં સર્વેનું રજીસ્ટ્રેશન એફ પી એ ઇન્ડિયા રાજકોટ બ્રાંચના યુથ મેમ્બર કુ. પાયલબેન રાઠોડ તથા સોનાલીબેન ચાવડાએ કર્યું હતું તથા એફ પી એ ઇન્ડિયા રાજકોટ બ્રાંચના નર્સિંગ સ્ટાફમાં લેડી હેલ્થ વીજીટર શિલ્પાબેન નિમાવતએ એન એમ સોનલબેન દેવાચાર્ય તથા પુનમબેન ભરાડ તથા દક્ષાબેન જોટાંગિયા દ્વારા તમામને રસીકરણ કરવામાં આવેલ. તેમજ એફપીએ ઇન્ડિયા રાજકોટ બ્રાંચ કાઉન્સેલર કમ પ્રોગ્રામ ઓફિસર મહેશભાઈ રાઠોડ દ્વારા સંચાલન તથા વ્યસ્થાપન કરવામાં આવેલ.

**કામદાર નર્સિંગ કોલેજના તાલીમાર્થીઓ અને ખોડલધામ મહિલા સમિતિએ કેમ્પને સફળ બનાવવા જહેમત ઉઠાવી**

આ કેમ્પને સફળ બનાવવા માટે કામદાર નર્સિંગ કોલેજના તાલીમાર્થીઓ તથા ખોડલધામ મહિલા સમિતિના જયશ્રીબેન વરસાણી, સુમિતાબેન કાપડિયા, રમાબેન ઠુંમર, મંજુબેન સાવલિયા તથા એફ પી એ ઇન્ડિયા રાજકોટ બ્રાંચના એકાઉન્ટ ઓફિસર અનિલભાઈ લાન્ધનેજા હાજર રહ્યા હતા.

સૌરાષ્ટ્ર ક્રાંતિ



### ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલના જન્મદિવસ નિમિતે

# રાજયમાં ૧૭ સ્થળોએ મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



## કેમ્પ ઉપરાંત રાજકોટ, અમદાવાદ, બોટાદ, અમરેલી, જામનગરમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણ જતનનો સંદેશ આપ્યો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૨

ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે રાજકોટ શહેર સહિત રાજ્યભરમાં ૧૭ સ્થળે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. હાલ મહામારીની આ પરિસ્થિતિમાં રક્તની જરૂરિયાત ઉભી થઈ છે ત્યારે ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ અને સદ્જ્યોતા ચેરિટેબલ ટ્રસ્ટ-રાજકોટ દ્વારા ૧૧ જુલાઈના રોજ નરેશભાઈ પટેલના જન્મદિવસે રાજકોટ શહેરમાં બે સ્થળે ઉપરાંત અમદાવાદ, વડોદરા, સુરત, પાટણ, જૂનાગઢ, અમરેલી, ભરૂચ, જસદણ, તોરી, ચિત્તલ સહિત કુલ ૧૭ સ્થળે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. સતત ૨૧મા વર્ષે યોજાયેલા મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં બહોળી સંખ્યામાં રક્તદાતાઓએ પોતાનું અમૂલ્ય રક્તદાન કરીને રક્તદાએ જ મહાદાનના સંકલ્પને સાકાર કર્યો હતો.

મેગા બ્લડ ડોનેશન કેમ્પના સ્થળે સોશિયલ ડિસ્ટન્સિંગનું પણ પૂરતું ધ્યાન રાખવામાં આવ્યું હતું. નરેશભાઈ પટેલ વર્ષોથી સેવાકીય કાર્યો સાથે જોડાયેલા છે. જરૂરિયાતમંદ લોકોને મદદ કરવી એ નરેશભાઈ પટેલના જીવનનો ધ્યેય છે. છેલ્લા ૨૧ વર્ષથી સદ્જ્યોતા ચેરિટેબલ ટ્રસ્ટ-રાજકોટ નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સર્વરોગ નિદાન કેમ્પ, રક્તદાન કેમ્પ, કુદરતી આપત્તિઓમાં સહાય સહિતના સેવાકીય કાર્ય કરી રહ્યું છે.

નરેશભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે મેગા બ્લડ ડોનેશન કેમ્પ ઉપરાંત રાજકોટ, અમદાવાદ, બોટાદ, અમરેલી, જામનગરમાં વૃક્ષારોપણ કરીને પર્યાવરણ જતનનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો.

### ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા

# સાંસ્કૃતિક સેલના પ્રદેશ કન્વીનર તરીકે લોકગાયક બિહારી હેમુ ગઢવીની નિમણૂંક

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૨

ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા વિવિધ સેલની સંરચના કરતાં પ્રદેશ ભાજપ દ્વારા રાજકોટનાં ખ્યાતનામ લોકગાયક બિહારી હેમુભાઈ ગઢવીની સાંસ્કૃતીક સેલનાં પ્રદેશ કન્વીનર તરીકે વરણી કરાયેલ છે.



ગુજરાતની લોક સંગીત દુનિયાનું અમર નામ એટલે ઝાલાવાડનું ગૌરવવંતુ નામ સ્વ. હેમુ ગઢવી. ગુજરાતી લોકસંગીતના હેમ કંઠી લોકગાયક સ્વ. હેમુ ગઢવીના દિકરા તરીકે લોકગાયક તરીકેનો વારસો બિહારીભાઈએ જીવંત રાખી બહુ મોટું પ્રદાન કર્યું છે, આપણી ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરી છે, એવા ચારણ સમાજના ચાહિતા ગાયક બિહારીભાઈ હેમુભાઈ ગઢવીને ગુજરાત ભાજપ પ્રદેશ સી.આર. પાટીલ દ્વારા તેમની સંગીત સાધના અને કલા ઉપાસનાની કદરરૂપે પ્રદેશ કક્ષાએ સાંસ્કૃતિક સેલના કન્વીનરની નિમણૂંક આપી તે બદલ બિહારીભાઈ હેમુભાઈ ગઢવીની આ વરણીને સમસ્ત ચારણ સમાજ, ભાજપનાં સભ્યો, જાણીતાં વૈશ્વિક કલાકારો, માયાભાઈ આહીર, ઓસમાણ મીર, ધીરૂભાઈ સરવૈયા, કિર્તીદાન ગઢવી, દેવાયત ખવડ, સાંઈરામ દવે, યોગેશભાઈ ગઢવી, સમસ્ત ગઢવી સમાજ, ક્ષત્રિય સમાજ તથા ગુજરાતી કલા ક્ષેત્રના સ્ટેજ કલાકારો, પ્રસંશકો, સર્વે સમાજનાં ટેકેદારોએ આવકારીને બિહારીભાઈ હેમુભાઈ ગઢવીને શુભેચ્છાઓ પાઠવી છે.

# ''ઝરૂખો''

## જીવનમાં સંપતિનો સુમેળ અનિવાર્ય

આપણા શાસ્ત્રોમાં સંપતિનાં અનેક પ્રકાર છે. સામાજિક સંપતિ, ભાવનાત્મક સંપતિ, નાણાંકીય સંપતિ, શારીરિક સંપતિ વગેરે. આમ, સર્વાંગી સંપતિ પ્રાપ્ત કરનાર વ્યક્તિ પ્રસન્ન રહી શકે છે. જે મનુષ્યો નિયમપૂર્વક પ્રવૃત્તિમાં રહીને નિરોગી અને આત્માને વિદ્વાન બનાવીને રહે છે. આપણે કુબેરપતિ બનવા માટેનાં વ્યક્તિનાં ગુણોની વાત છે. કુબેરપતિનો અર્થ નાણાંકીય સંપતિ નહીં પણ સર્વાંગી સંપતિનાં માલિક હોવાનો છે.

આપણા સૌની સૌથી મોટી સંપતિ આપણું આરોગ્ય છે. એટલે જ કહેવામાં આવે છે પહેલું સુખ તે જાતે નર્યા આપણે રોજીંદા જીવનમાં અનેક શ્રીમંત લોકોને જોઈએ છીએ. જેમને દવાઓ લીધા વગર જરા પણ ચાલતું નથી. તેઓ ગોળીઓનાં સહારે જ જીવન જીવે છે. તેમની પાસે અપાર ધન હોય પણ માઈગ્રેન અને એસેડીટીથી પીડાતા હોય તો એ શ્રીમંતાઈ નો શું અર્થ? આપણને માથું દુખતું હોય કે છાતીમાં બળતરા થાય ત્યારે ધનનાં કારણે કોઈ રાહત થતી નથી. તો પછી આટલા બધા પૈસા હોવાનો શું અર્થ? એટલે જ આપણું મન અને શરીર બંને સ્વસ્થ હોય અને તંદુરસ્ત હોય એ મહત્વનું છે. આપણને સંપતિને માણવા માટે આ સ્થિતિ આવશ્યક છે.



**જાગૃતિ દવે મિશ્રા**
**(બરોડા)**

સમાજ પણ આપણી સંપતિ છે. વાસ્તવમાં જીવનસાથી, સંતાનો, પરિવારજનો અને મિત્રો આપણી સંપતિ છે. કોઈ છૂટાછેડા લીધા પછી ભરણપોષણ માટે મોટી રકમ મળી હોય એનો અર્થ એ નથી કે એ વ્યક્તિ એ ધનથી ખુશ રહી શકશે. પ્રોપર્ટીની બાબતમાં ઘરોમાં ઝઘડા થતા જ હોય છે. વારસાની પ્રોપર્ટી માટે કોર્ટમાં કેસ ચાલતા હોય છે અને પરિવારની અંદર રોજ કંકાશ ચાલતા હોય તો ગમે તેટલી સંપતિ પણ આપણને ખુશ રાખી શકશે નહીં.

આપણા સામાજીક વર્તુળનાં લોકો નિ:સ્વાર્થ હોવા જોઈએ. આપણી પાસે પ્રસિધ્ધિ કે ધન ના હોય તો પણ તેઓ સાથ આપે એવા હોવા જોઈએ. ઘણી જાણીતી વ્યક્તિઓ મરતી વખતે એકલતા કે તરછોડાયેલી હાલાતમાં રહેતી હોય એવા અનેક કિસ્સા આપણે જોયા છે, વાંચ્યા છે ને સાંભળ્યા પણ છે. જ્યાં સુધી તેમની પાસે ધન હોય. ત્યાં સુધી લોકો તેમને સાથ આપે છે અને સંપતિ ખલાસ થવા લાગે ત્યારે બધા સાથ છોડી જાય છે. મોટી હસ્તીઓ તો સમજ્યા સામાન્ય માણસોને મે એવું કહેતા સાંભળ્યા છે. મને તો બહાર બધા લોકો માનથી બોલાવે છે. પરંતુ ઘરમાં કોઈ માન આપતું નથી. આવા લોકો એ વાત સમજતા નથી કે ઘરનાં લોકો તમારી આદતો, તરકટ, મિજાજ વગેરે બધી અંદરની વાતો જાણતા હોય છે અને આ બધું જાણતા હોવા છતાં સ્વજનો તમારી સાથે રહેતા હોય છે. આથી જ કહેવાનું જે પરિવારજનો ને મિત્રો નિ:સ્વાર્થ પણે તમારી સાથે રહે એ જ તમારી ખરી સામાજીક સંપતિ છે.




એટલે જ મિત્રો છેલ્લે તો એટલું જ કહેવાનું કે મનુષ્યની શારીરિક સંપતિ, સામાજીક સંપતિ, ભાવનાત્મક સંપતિને નાણાંકીય સંપતિનો તો પરસ્પર સુમેળ હોવો જોઈએ. જો એ નહીં હોય તો કોઈ સંપતિનો તે આનંદ લઇ શકતો નથી, એટલે આપણે પણ એવી જ સંપતિની ચાહના રાખવી જોઈએ.

# ખીરસરા સ્વામીનારાયણ મંદિર ખાતે અષાઢી બીજની રથયાત્રા નીકળી





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૨

શાસ્ત્રી મહારાજની જયંતિ નિમિત્તે અષાઢી બીજની રથયાત્રા નીકળી. ખીરસરાના પૌરાણિક સ્વામિનારાયણ મંદિર ખાતે હર્ષોલ્લાસ સાથે હોમ હવન કરવામાં આવ્યા. હરિભક્તોએ આનંદ ઉલ્લાસ સાથે આષાઢી બીજની રથયાત્રામાં રાજ્ય સરકારની ગાઈડ લાઈન મુજબ ભાગ લીધો તેમજ હવનના દર્શન કરી અખંડ ધુન બોલાવી.

### પેટ્રોલ-ડીઝલના ભાવ વધારા સામે વિરોધ

# ગીર સોમનાથ કોંગ્રેસ દ્વારા સાઈકલ રેલી યોજાઈ



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

ગીર સોમનાથ, તા.૧૨

કોંગ્રેસ પ્રમુખ અમિત ભાઈ ચાવડાની સૂચનાથી વેરાવળ ખાતે ૯૦ સોમનાથના યુવા ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમાની આગેવાનીમાં જન ચેતના સાઈકલ રેલી યોજાઈ હતી. જેમાં ગીર સોમનાથ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મનસુખભાઈ ગોહેલ, પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી હીરાભાઈ જોટવા, ગીર સોમનાથ જિલ્લા મહામંત્રી હીરાભાઈ રામ, વેરાવળ તાલુકા કોંગ્રેસ પ્રમુખ વજુભાઈ ડોડીયા, વેરાવળ પાટણ શહેર કોંગ્રેસ પ્રમુખ દેવેન્દ્ર ભાઈ મોતિવરસ, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત સભ્યો, નગરપાલિકાના તમામ નગર સેવકો જોડાયા હતા અને પેટ્રોલ ડીઝલના ભાવ પાછા ખેંચોના નારા સાથે વેરાવળ શહેરના મુખ્ય રસ્તાઓમાં સાયકલ રેલી યોજીને ઉગ્ર વિરોધ કર્યો હતો.

# સુત્રાપાડા મામલતદારએ ભુવાટીબી ગામેથી કરોડોની ખનિજ ચોરી ઝડપી



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

લોઢવા, તા.૧૨

ગત તા.૬ ના રોજ સુત્રાપાડા તાલુકાના મામલતદાર રાજુ હુણ તેમના સ્ટાફ સાથે ગીર સોમનાથ જિલ્લા ખાણ ખનીજને સાથે રાખી ભુવાટીબી ગામના રેવન્યુ સર્વે નં.૯૨ પૈકી ૩ કાનજીભાઈ ધીરુભાઈ ડોડીયા દ્વારા ૪030 ચાર હાજર ત્રીસ મેટ્રિક ટન ગેરકાયદેસર ખોદકામ કરવા સબબ દંડની રકમ ૩૨૧૨000 તેમજ સર્વે નં.૯૧ પૈકીલ હમીરભાઈ ગીગાભાઈ બારડ દ્વારા ૧0૯0૩ મેટ્રિક ટન ખોદકામ કરવા બદલ દંડની રકમ ૪૩૬0૯૪૪ તથા સર્વે નં.૯૩/૧/પૈકી ૩ રાણાભાઈ પરબતભાઇ ડોડીયા દ્વારા ૩0૧૧૫ મેટ્રિક ટન ખોદકામ કરવા બદલ ૧૨0૪૬0૯૫ રકમ દંડ કરવામાં આવેલ.

આશરે ૧.૭૫ રકમ દંડ કરવામાં આવેલ જેમાં ગેરકાયદેસર લાઇમ સ્ટોન ખનીજ ખોદકામ કરવા તેમજ મંજુર કવોરી લિઝ કરાખતની શરતોના ભંગ બદલ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી હતી. આટલા મોટા પ્રમાણમાં સ્થાનિક તંત્ર દ્વારા ખનીજ ચોરી ઝડપાતા સમગ્ર પંથકના ખનીજ માફીયામાં ફફડાટ પ્રચરી ગયેલ હતો. સુત્રાપાડા મામલતદારની કાર્યવાહીથી સમગ્ર સુત્રાપાડા તાલુકામાં મોટા પ્રમાણમાં ચાલતી ખનીજ ચોરી ઉપર અંકુશ આવેલ છે.(૧૨)

# વડિયા-કુંકાવાવ તાલુકા ભાજપની કારોબારી બેઠક રણુજાધામ ખાતે યોજાઈ

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

વડિયા, તા.૧૨

સમગ્ર રાજ્યમાં રાજકીય માહોલ ધીમે ધીમે ગરમાઈ રહ્યો છે ત્યારે અમરેલી જિલ્લા ભાજપ દ્વારા પણ તાલુકા લેવલ પર કારોબારી સભાઓ અને વૃક્ષારોપણ કાર્યક્રમો જિલ્લા ભાજપના આગેવાનોની ઉપસ્થિતિમાં કરવામાં આવી રહ્યા છે.



વડિયા કુંકાવાવ તાલુકા ભાજપની કારોબારી સભા વડિયાના રણુજા ધામ ખાતે અમરેલી જિલ્લા ભાજપના પ્રમુખ કૌશિક વેકરીયાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં સંગઠનને મજબૂત કરવા કાર્યકર્તાને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

આ કાર્યક્રમમાં જિલ્લા પ્રમુખ કૌશિક વેકરીયાનુ તાલુકા ભાજપ પરિવાર વતી સ્વાગત કરવામાં આવ્યુ હતુ. આ સાથે આગેવાનો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખ કૌશિક વેકારીયા, જિલ્લા મહામંત્રી રાજુ કબારીયા, મંડળના ઇન્ચાર્જ હિંમત ડોંગા જિલ્લા પંચાયતના પ્રમુખના પ્રતિનિધિ જાલ્પેશ મોવલિયા તેમજ ગોપાલ અંટાળા, શૈલેષ ઠુંમ્મર, વિપુલ રાંક, અશ્વિન મેહતા સહીત તાલુકાભરના આગેવાનો જોડાયા હતા.

# સાળંગપુર કષ્ટભંજનદેવ હનુમાનજીના દર્શન કરતા મુખ્યમંત્રી વિજય રૂપાણી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૨



વ્યકિતગત માનવ જીવનમાં તથા વૈશ્વિક મહામારી કોરોનાના સમયમાં દુનિયાના દરેક ધર્મના લોકો પોતાના ઈષ્ટદેવને પ્રાર્થના કરતા હોય છે. તેવી જ રીતે ગત તા.૧૦ અમાસના પાવન દિને ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી વિશ્વ વિખ્યાત સાળંગપુર કષ્ટભંજનદેવ હનુમાનજીના શરણે દર્શન, પ્રાર્થના તેમજ મારૂતિ યજ્ઞમાં પૂજન અને શ્રીફળ હોમ વિધી કરવા પધાર્યા હતા. સાળંગપુરમાં સાક્ષાત બિરાજમાન હનુમાનજી દાદા આ લોકમાં આધિ, વ્યાધિ, ઉપાધીથી મુકિત અપાવી દરેકને સુખીયા કરે છે એટલે જ તો કહેવાય છે, શ્રદ્ધા કા દૂસરા નામ સાળંગપુર ધામ નામ કષ્ટભંજન માથું મુકોને દુ:ખ દૂર થઈ જાય એવી જ શ્રદ્ધા સાથે મુખ્યમંત્રી તેમજ ઉર્જામંત્રી સૌરભભાઈ પટેલ, ચેતનભાઈ રામાણી- રાજકોટ, આત્મારામભાઈ પરમાર- ધારાસભ્ય- ગઢડા, બોટાદ જીલ્લા પ્રમુખ ભીખુભાઈ વિગેરે અગ્રણી રાજકીય મહાનુભાવો તેમજ ભકતજનો ઉપસ્થિત રહ્યા હતા.

ખાસ વડતાલ મંદિરથી પૂજય ચેરમેન દેવપ્રકાશદાસજી, મુખ્ય કોઠારી સંતવલ્લભદાસજી, રાષ્ટ્રીય સંત પૂજય નૌતમ સ્વામી, ગઢપુર મંદિર ચેરમેન હરિજીવનદાસજી તેમજ સુપ્રસિદ્ધ વકતા શા.હરિપ્રકાશદાસજીએ ઉપસ્થિત રહી આશીર્વાદ આપ્યા હતા. મારૂતિ યજ્ઞ તેમજ સમગ્ર પ્રસંગનું આયોજન સાળંગપુર મંદિરના કોઠારી સ્વામી વિવેકસાગરદાસજી તથા પૂજારી સ્વામી ધર્મકિશોરદાસજીએ કર્યુ હતું.

# ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ સહિતના યજમાનોએ ભગવાનના નેત્રોત્સવની વિધિ કરી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

અમદાવાદ, તા.૧૨



## ભગવાન જગન્નાથ કોરોમાંથી મુકિત આપે અને લોકોનું જીવન સુખમય બને તેવી પ્રાર્થના કરતાઃ સી.આર.પાટીલ

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અખબાર યાદીમાં જણાવે છે કે ગત. તા.૧૦ ના રોજ અમદાવાદના જગન્નાથ મંદિરે વિવિધ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશના અધ્યક્ષ સી.આર. પાટીલે હાજરી આપી હતી.

ભગવાન જગન્નાથજીની ઐતિહાસિક ૧૪૪ મી રથયાત્રા સોમવારે પરંપરાગત રીતે કોરોનાની ગાઇડલાઇન અને સરકારની શરતો સાથે નીકળશે. રથયાત્રા પહેલાં અમાસના દિવસે ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજી મોસાળ સરસપુરથી નિજ મંદિર પરત ફર્યા હતા. ત્યાર પછી જમાલપુર સ્થિત મંદિરમાં ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલરામની નેત્રોત્સવ વિધિ કરવામાં આવી હતી.

નેત્રોત્સવ વિધિ બાદ ધ્વજારોહણ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો ત્યાર પછી મહાઆરતી કરવામાં આવી હતી. ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ સહિતના યજમાનોએ ભગવાનનાં નેત્રોત્સવની વિધિ કરી હતી. ત્યાર બાદ ધજારોહણની વિધિ કરી મંદિરના પૂજારીશ્રીએ મહાઆરતી કરી હતી.

ભગવાન જગન્નાથજીના નેત્રોત્સવ વિધિ સહિતના કાર્યક્રમમાં ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ, વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી, રાજયના ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા, પ્રદેશ મહામંત્રી પ્રદિપસિંહ વાઘેલા, અમદાવાદ શહેર પ્રમુખ અમિત શાહ, મેયર કિરિટ પરમાર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સહિતના કોર્પોરેશનના પદાધિકારીઓ હાજર રહ્યા હતા.(૧૨)

# ભાવનગરમાં અષાઢ માસના પહેલા દિવસે મહાકવિ કાલિદાસ જયંતીની ઉજવણી

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

ભાવનગર, તા.૧૨



સંસ્કૃત ભારતી સૌરાષ્ટ્ર પ્રાંત પ્રેરિત ભાવનગર, સંસ્કૃત ભારતી તળાજા અને શ્રીમતિ વાય. જે. જે. દોશી કોલેજ તળાજા ત્રણેય ના સહયોગથી અષાઢ માસના પહેલા દિવસે મહાકવિ કાલિદાસ જયંતી નિમિત્તે કાલિદાસો જને જને વિષય પર ઓનલાઈન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અધ્યક્ષ તરીકે જે.બી. વાળા તેમજ પ્રેરક ઉપસ્થિતિમાં આનંદભાઈ રાજદેવ મુખ્ય વકતા તરીકે સેન્ટ્રલ સંસ્કૃત યુનિવર્સિટી શૃંગેરી કર્ણાટકના પ્રાચ્ય ઋષિ કુમાર મહર્ષિ ગૌતમભાઈ દવે સાથે સાથે પ્રણવભાઈ રાજ્યગુરુ, દિગ્વિજયભાઈ તથા સંસ્કૃત ભારતીના તમામ કાર્યકર્તાઓ અને કોલેજના યુવાન ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા. મહર્ષિગૌતમભાઈ દવેએ પોતાના વ્યાખ્યાનમા જણાવ્યું હતું કે જેમ મહાકવિ કાલિદાસ પોતાના પત્ની વિદ્યોત્તમાના પ્રેરણાથી જ મહાકવિ બન્યા હતા.

આ ઘટનાથી એ વાત સ્પષ્ટ થઈ કે આપણા દરેકના જીવનમા નારીનું યોગદાન અતુલનીય છે. તેમા માં, બહેન અને દિકરી દરેક પ્રેરણાદાયી છે. શાસ્ત્રોમાં એ પણ કહ્યું છે કે દરેકના જીવનમાં યોગ્ય માર્ગદર્શકની ખૂબ જ આવશ્યકતા હોય છે. જેમ કે અમન્ત્રમક્ષરં નાસ્તિ નાસ્તિ મૂલમનૌષધમ્મ અયોગ્યઃ પુરુષો નાસ્તિ યોજકસ્તત્ર દુર્લભઃ અર્થાત્ આ દુનિયામાં કોઈ એવો અક્ષર નથી જે મંત્રના હોય, કોઈપણ વૃક્ષ એવું નથી કે જે ઔષધિ રૂપે કામમાં ન આવતુ હોય તેમજ કોઈ પણ માણસ અયોગ્ય નથી હોતો પણ સારો યોજક (પથદર્શક) દુર્લભ હોય છે. માટે સારા પથદર્શકનું અનુસરણ કરીશું તો જીવનના લક્ષ્ય સુધી પહોંચીશુ.(૧૨)

# ભાવનગર ઠાડચની પ્રા.શાળામાં પાણીના પરબનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

ભાવનગર, તા.૧૨



ઠાડચ પ્રા. શાળામાં દાતા સુશીલાબા પરમાનંદ શાહ ફાઉન્ડેશન-મુંબઈની પ્રેરણાથી ચંદનબેન ન્યાલચંદ શાહ તથા મનીષાબેન ધીરજલાલ શાહ અને ઉષ્માબેન જીતેન્દ્રકુમાર શાહ પરિવાર તરફથી પાણીનું પરબ બંધાવી આપવામાં આવેલ. જેનું લોકાર્પણ ઉમાબેન અરવિંદભાઈ વોરા તથા હર્ષદભાઈ પરમાનંદભાઈ વોરાના હસ્તે કરવામાં આવેલ. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ ભાવનગર જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ઘનશ્યામભાઈ શિહોરા, ગોપાલભાઈ વાઘેલા ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે ચંદુભાઈ વંકાણી (આચાર્ય ઉ.બુ. વિદ્યાલય), લાલજીભાઈ સોલંકી (નિયામક ઉ.બુ.ડેમ) પ્રવીણભાઈ ગોહિલ (સાંજણાસર), રમણીકભાઈ ધાંધલા (લોક સાહિત્યકાર), ચંદુભાઈ પંડ્યા (ઠળિયા કે.વ.શાળા), ઘનશ્યામભાઇ ચભાડિયા તથા માધુભાઈ સરવૈયા (સરપંચ), નિખિલભાઇ રાજયગુરુ (જીવન જ્યોત વિદ્યામંદિર), શિવશંકરભાઈ પંડ્યા, મનુભાઈ વણારકા અને ગામ આગેવાનો, શાળાની SMC કમિટી, પંચાયતના સભ્યો, ગામના બાળકો, યુવાનો, સ્ટાફ મિત્રો તથા અન્ય ગામના આમંત્રિત મહેમાનોની હાજરીમાં પાણીના પરબનું લોકાર્પણનું કરવામાં આવ્યું. ઘનશ્યામભાઈ સિહોરા અને ગોપાલભાઈ વાઘેલાએ પાલિતાણા,તળાજા અને મહુવા તાલુકાની કુલ ૮૭ શાળાઓને આપેલી માતબર દાનની સરવાણીને બિરદાવી હતી અને જ્યાં પણ જરૂર પડે ત્યાં અમે એ સહયોગમાં છીએ એવો નિર્ધાર વ્યક્ત કર્યો.

પરમાનંદદાદા તરફથી વાર્ષિક પરીક્ષા ૨૦-૨૧ માં પ્રથમ, દ્વિતીય, તૃતીય નંબરે પાસ થયેલા ૫૫ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે શૈક્ષણિક કીટ અર્પણ કરી હતી.

